સુવિચાર
જેનો અનુભવ જગત જેટલો સમૃધ્ધ તે માનવી અંદરથી એટલો જ સમૃધ્ધ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૪/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૦૭



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧


## ભગવાન શ્રી રામનાં જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી

# જયશ્રી રામ : અમરેલી જિલ્લામાં ''રામજી કી નીકલી સવારી''

અમરેલી ખાતે વિહિપ, દુર્ગાવાહિની સહિતની સંસ્થાઓ દ્વારા શહેરનાં રાજમાર્ગો પર શોભાયાત્રા યોજાઈ

શહેરનાં સુપ્રસિધ્ધ રામજી મંદિરે સવારથી સાંજ સુધી દર્શનાર્થીઓની ભીડ ઉમટી : મહા આરતી યોજાઈ

સાવરકુંડલા, લીલીયા, ખાંભા, રાજુલા, બાબરા સહિતનાં તમામ શહેરો અને ગામોમાં શોભાયાત્રા, મહા આરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા

લોકસભા બેઠકનાં ભાજપ-કોંગ્રેસનાં ઉમેદવારો તેમજ ધારાસભ્ય કસવાલા સહિતનાં આગેવાનોએ જયશ્રી રામનો જય જયકાર કર્યો



અમરેલી, તા.૧૭

હિન્દુ ધર્મના આરાધ્યદેવ ભગવાન શ્રી રામના જન્મોત્સવ પ્રસંગે અમરેલીશહેરમાંઅવનવાફ્લોટસસાથે વિશાળ વર્ણાગીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

અમરેલી શહેરમાં આજે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવપ્રસંગેવિહિપઅનેબજંગદળ દ્વારા સવારના સાડા નવ કલાકે શહેરના સુપ્રસિધ્ધ સ્વયંભુ નાગનાથ મહાદેવ મંદિરેથી વિશાળ વર્ણાગીનું પ્રસ્થાન કરવામાં આવેલ હતું. જય વિષ્ણુ કે અવતારી, રામજીકી નીકલી સવારી રામજી કી લીલા હે ન્યારીના નારા સાથે આકાશ ગુંજી ઉઠેલ હતું. શોભાયાત્રા રાજકમલ ચોક, ટાવર રોડ, દાણા બજાર, લાઈબ્રેરીરોડથીરામજીમંદિરે વિસર્જનથયેલહતું. રામજીમંદિરેમહા


અનુસંધાન પાના ૬ ઉપર


### સવારનાં ૯ કલાકથી તાપમાનમાં સતત વધારો જોવા મળ્યો

# અમરેલી પંથકમાં રામનવમીનાં પવિત્ર દિને સૂર્યનારાયણ દ્વારા અગ્નિવર્ષા કરવામાં આવી

### એપ્રિલનાં મધ્યમાં તાપમાનનો પારો ૪૨થી ૪૩ ડીગ્રી સુધી પહોંચ્યો

અમરેલી, તા. ૧૭

અમરેલી ખાતે આજે રામનવમી પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી હતી. તેવા જ સમયે સવારનાં ૯ કલાકથી તાપમાનનો પારો આસમાને પહોંચી રહ્યો હતો.

અમરેલીમાં છેલ્લા ૩



અનુસંધાન પાના ૬ ઉપર

















## ભૂતપ્રેતનું સરઘસ, કન્યા કાળા ડ્રેસમાં હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા

# અનેરા લગ્ન : વરરાજા અને જાનપક્ષનો ઉતારો સ્મશાનમાં

**બંધારણનાં શપથ, ઊંધા ફેરા સહિતનાં નવતર અભિગમ સાથે લગ્ન યોજાયા**

**કુરિવાજો અને અંધશ્રધ્ધાને દેશવટો આપવામાં આવ્યો હતો**

**મુર્હુત, ચોઘડિયાને અવગણીને લગ્નની ઉજવણી કરવામાં આવી**

**વિજ્ઞાન જાથા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો**



રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લાનાં રામોદ ગામમાં રાઠોડ પરિવારની દીકરી પાયલનાં લગ્ન પ્રસંગે વરરાજા (અને) જાન પક્ષનો ઉતારો સ્મશાનમાં આપી કાળા વસ્ત્રમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂત, પ્રેતનું સરઘસ, કન્યા કાળા ડ્રેસ, સાડીમાં ફુલેકું, નવતર અભિગમ અપનાવવામાં આવ્યો હતો. ઊંધા ફેરા, બંધારણનાં શપથ, વિજ્ઞાન જાથા વિચારધારા મુજબ લગ્ન યોજવામાં આવ્યા હતા. માર્ગો ઉપર લોકોનું ધ્યાન ખેંચી જોવા મજબૂર કર્યા હતા. વાહનો ઊભા રાખી કેમેરામાં અદભુત પ્રસંગ યાદગાર ક્ષણો લીધી હતી. કુરિવાજો, અંધશ્રદ્ધાને દેશવટો આપવામાં આવ્યો હતો. મુર્હુત, ચોઘડિયાને દફનાવી લગ્નની ઉજવણી કરવામાં આવી હતી. લોકો જોવા ઉમટી પડયા હતા. અનોખો લગ્ન યોજવામાં આવ્યો હતો. લોકો ખુશખુશાલ થઈ પ્રસંગનો લાભ લીધો હતો. સ્મશાનમાં અનેરો અવસર પ્રાપ્ત કર્યો હતો. કોટડા સાંગાણી પોલીસે વિશેષ વ્યવસ્થા ફાળવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. સદીઓ જૂની માન્યતાનું ખંડન કરવામાં આવ્યું હતું. ખોટા રિવાજોને તિલાંજલિ આપીને જાથાએ આયોજન કરવામાં આવ્યું હતું. જાથાને દેશભરમાંથી અભિનંદન વર્ષા મળી હતી.

---

### ભરઉનાળે મહિલાઓ તોબા પોકારી ઉઠી

# બગસરાનાં જેતપુર માર્ગ ઉપર પાંચ દિવસથી પાણી વિતરણ ઠપ્પ

**ભૂર્ગભ ગટરની કામગીરીને લઈને વિક્ષેપ**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

વિગત અનુસાર બગસરા માંઘણા સમયથી જેતપુર રોડ પર સાદી ગટર હતી જેના હિસાબે ચોમાસા દરમિયાન પાણીનો ખૂબ ભરાવો રહેતો હતો પાલિકા દ્વારા આ ગટર ને ભૂગર્ભ ગટર બનાવવા ટેન્ડરો મૂકેલા જેમાં હાલમાં જ આ કામ શરૂ કરેલ છે પરંતુ આ કામ કેવું અને કેટલી ગુણવતા સભર થઈ રહેલ છે તેની તપાસ માટે બગસરા પાલિકા દ્વારા ઈજનેરો નીમવામાં આવે છે જયારે આ કામ ની ભાળ લેવા કોઈપણ અધિકારી આવેલ નથી જેના હિસાબે કોન્ટ્રાકટર દ્વારા પોતાની મનમાની કરી જેમ ફાવે એમ ખોદાણ કરી પાણીના કનેક્શન ની પાઈપ લાઈનનું તોડતા આ વિસ્તારના લોકોને પાણી વિહોણા કરી દીધા છે જયારે બગસરામાં જેતપુર રોડ ઉપર આવેલ આ કામ ના લિધે ૪ દિવસ થી પાણી વિતરણ ઠપ્પ થઈ ગયું છે જયારે લોકો તેમજ પાણી વિતરક દ્વારા આ લોકો ને કહેતા તેવો કામ કરવામાં ગલ્લા તલ્લા કરી રહ્યા છે જયારે આ કામમાં કોઈપણ પ્રકારની પાઈપ લાઈનનું ભંગાણ થાય તો સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે પરંતુ કોન્ટ્રાકટર દ્વારા પોતાની મનમાની ચલાવી પાણીની જે પાઈપ લાઈનો તોડી નાખવામાં આવી છે તે રિપેર કરવામાં ગલ્લા તલ્લા કરી રહ્યા છે જેના હિસાબે ભર ઉનાળે આ વિસ્તાર ના લોકો ને છેલ્લા ૪ દિવસ થી પાણી વિતરણ ઠપ્પ થઈ ગયું છે.

---

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે પોલીસ અધિક્ષકની કાર્યવાહી

# ફફડાટ : અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાયેલ ૪ વ્યકિતઓને ''પાસા'' હેઠળ જેલમાં ધકેલી દેવાયા

**જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ કરતાં તત્વોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા. ૧૭

આગામી લોકસભા સામાન્યચૂંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે થઈ અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તથા પોલીસ અધિક્ષકદ્વારા પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરી, મિલ્કત સબંધી ગુનાઓ આચરતા ચાર ઈસમોને માત્ર ચોવીસ કલાકમાં પાસા હેઠળ અમરેલી પોલીસે જેલમાં ધકેલી દીધા હતા.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આગામી લોકસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલ્કત–સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો કે જે



નાગરિકોની માલ–મિલ્કતની ચોરી કરતા હોય. આવા મિલ્કત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને આગામી લોકસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન



થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એસ.સી. ફુગસીયાએ બાબરા તથા અન્ય વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ આચરતો ઈસમ પરશોતમભાઈ ઉર્ફે પસાભાઈ પુંજાભાઈ તળપદા (રહે. નડીયાદ) વિરૂધ્ધ પુરાવાઓ એકઠા કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

તે અનુસંધાને અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ દ્વારા પરશોતમભાઈ ઉર્ફે પસાભાઈ પુંજાભાઈ તળપદાને પાસા વોરંટની બજવણી કરી પોરબંદર સ્પેશ્યલ જેલ, પોરબંદર ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. તેમજ બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. કે.બી. જાડેજાએ બગસરા વિસ્તારમાં ગુનાઓ આચરતા ઈસમ જયદીપ ઉર્ફે ગુડીયો પ્રવિણભાઈ કામળીયા (રહે. બગસરા, હુડકો કોલોની, વેલનાથ મંદિરની પાછળ



) વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

તે અનુસંધાને અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ આરોપી જયદીપ ઉર્ફે ગુડીયો પ્રવિણભાઈ કામળીયા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા જયદીપ ઉર્ફે ગુડીયો પ્રવિણભાઈ કામળીયાને પાસા વોરંટની બજવણી કરી, પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ–ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

આ ઉપરાંત અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહી.ની પ્રવૃત્તિમાં સંડોવાયેલ સાગર ચતુરભાઈ સરૈયા (રહે. ધજડી, રામજી મંદિર પાસે, તા. સાવરકુંડલા) વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલીનાઓ તરફ મોકલી આપેલ હતી. તે અનુસંધાને અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ આરોપી સાગર



ચતુરભાઈ સરૈયા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા સાગર ચતુરભાઈ સરૈયાને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

ચોથા બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહી.ની ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલ ઈસમ શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાબુભાઈ વાળા (રહે. સાવરકુંડલા, કાપેલધાર વિસ્તાર) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ.

તે અનુસંધાને અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ આરોપી શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાબુભાઈ વાળા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા શિલ્પેશ ઉર્ફે શિલ્પો બાબુભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી જિલ્લા જેલ મહેસાણા ખાતે ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

---

### ગ્રામ્ય વિસ્તારનાં મતદારોનો સંપર્ક કરવા માટે

# અમરેલી લોકસભાનાં કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર આજે ધારી તાલુકાનાં પ્રવાસે

**મીઠાપુર, ગોપાલગ્રામ, હામાપુર, હરિપરા સહિતનો પ્રવાસ કરશે**

અમરેલી, તા. ૧૭

અમરેલી લોકસભા બેઠકનાં કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર આવતીકાલ ગુરૂવારે ધારી તાલુકાના ગ્રામ્યવિસ્તારનાં મતદારોનો સંપર્ક કરશે.



તેઓ સવારે ૯ કલાકે મીઠાપુર ચલાલાથી પ્રવાસનો પ્રારંભ કરી બાદમાં ગોપાલગ્રામ, હામાપુર, ભાડેર, મોણવેલ, દલખાણીયા, ગીગાસણ, ગોવિંદપુર, પ્રેમપરા અને હરિપરા ગામનો પ્રવાસ કરશે.

---

# બાબાપુર ખાતે શ્રી રામના જન્મોત્સવની ઉજવણી


તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૧૭

અમરેલી નજીક આવેલ બાબાપુર ખાતે ભગવાન શ્રી રામના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી ગામમાં આવેલ મંદિરે મહા આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામજનોએ ભકિતસભર હાજરી પુરાવી હતી.

---

# અમરેલીનાં વોર્ડ–૩માં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ



અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈને કારમી ગરમીમા નીરસ મતદારો વચ્ચે પણ કમળને ચાહનારા મતદારોમાં ભારે ઉત્સાહ છવાયેલ છે. ત્યારે અમરેલી શહેરમાં ભાજપનો ગઢ ગણાતા બ્રાહ્મણ સોસાયટીમાં ખુરશીઓ ટૂંકી પડી એટલી જનમેદની વચ્ચે વોર્ડ–૩ની મોદી પરિવાર સભાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. વાર્ડ–૩ ના નગર સેવકો નિલેશભાઈ ધાધલ, પીન્ટુભાઈ કુરૂંદલે, જયાબેન પ્રવીણભાઈ બારૈયા અને ખુશબૂબેન દિગંતભાઈ ભટ્ટ દ્વારા બ્રાહ્મણ સોસાયટીના બ્રહ્મેર મંદિરના સાંનિધ્યમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં એક જાહેર સભાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, મહિલા મોરચાના જશીબેન સાકળીયા, યુવા મોરચાના પ્રમુખ અર્જુન દવે, મુકુંદભાઈ મહેતા, આર.પી. મહેતા, મુકેશભાઈ દવે સહિતના મહાનુભાવોએ મોદી સરકારના વિકાસ અને જન ઉપયોગી યોજનાઓ તેમજ અમરેલી શહેરના વિકાસમાં ભાજપ સરકારે ભરેલ વિકાસની હરણફાળ અંગે મતદારોને વાંકેફ કરવામાં આવેલ હતાં. કાર્યક્રમનું સંચાલન પાર્થિવ જોશી, વિપુલ દવે અને ગૌરાંગ મહેતા દ્વારા કરવામાં આવેલ હતું.

# બાબરા ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઇ










બાબરા તાલુકામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી બાબરા શહેરના સરદાર પટેલ સર્કલ ખાતે શહેરી વિસ્તાર માટે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી એમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, તેમજઅન્યમહાનુભાવોદ્વારા સભાનેસંબોધન કરવામાંઆવેલહતુ. આ પ્રસંગે ભારતીયજનતા પાર્ટીના હોદેદારો, જિલ્લા પંચાયતના સદસ્યો, સહકારી અગ્રણીઓ, તાલુકા પંચાયતના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના હોદ્દેદારો, મહિલાઅગ્રણીઓસહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરા તાલુકાના અલગ અલગ વિસ્તારના શક્તિ કેન્દ્રમાં આ મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી ત્યારબાદ હાલ તાજેતરમાં બાબરા શહેર ખાતે મોદી પરિવાર સભા યોજવામાં આવેલ હતી. આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના સંયોજકજીતુભાઈ ડેર, વિધાનસભાના વિસ્તારક વૈભવભાઈ નાયક, જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ભાજપ અગ્રણી બિપીનભાઈ રાદડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, નીતિનભાઈ રાઠોડ, જયસુખભાઈ દેત્રોજા (ડોલી), શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ઉપપ્રમુખ, મહામંત્રીસહિત શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહામંત્રી, ઉપ્રમુખસહિત તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ, તમામ ચેરમેનઓ સહિતનાતમામહોદેદારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, મહિલા મોરચાના હોદેદારો, તમામ મોરચા સેલના હોદેદારો, ગ્રામ પંચાયતના સરપંચઓ, તેમજ સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં નગરજનો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### તમામ વેપારીઓએ વેપાર ધંધાઓ બંધ રાખ્યા

## રાજુલામાં રામનવમીની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી

### અંદાજે બે હજાર કરતા વધારે લોકો શોભાયાત્રામાં જોડાયા

રાજુલા, તા. ૧૭

રામજન્મમહોત્સવબજરંગ દળતથાવિશ્વહિન્દુ પરિષદદ્વારાતથા ચેમ્બર ઓફ કોમર્સ તેમજ યુવાનો દ્વારા રામનવમીનીઉજવણી કરવામા આવેલ હતી. આજેશોભાયાત્રામાંડીજેસાથે આ શોભાયાત્રાનો પ્રારંભ બપોરના ૪ કલાકે જુના સ્વામિનારાયણ મંદિરથી પ્રસ્થાન થઈ હવેલી ચોક તથા ટાવર ચોક બસ સ્ટેન્ડ ચોકથઈ અનેજલારામ મંદિરે મહા આરતીકરીસંપન્નકરવામાંઆવીહતી. આ રથયાત્રામાં શહેરીજનો કેસરી સાફા તથાહાથમાં કેસરી ધજાસાથે જોવામળ્યા



હતા. શ્રી રામ ભગવાનનો રથ પણ કલાત્મક અને આકર્ષક બનાવવામાં આવ્યો હતો જેમાં શ્રીરામ ભગવાનને બિરાજમાનહતા. ડીજેનાતાલ ભગવાન શ્રીરામના ગીત સાથે અને લોકો અબીલ ગુલાલથી રંગાઈ ગયા હતા. રાજુલા ઉપરાંત જાફરાબાદ, ટીંબી, નાગેશ્રી સહિત ગ્રામ્ય વિસ્તારમાં રામનવમીની શ્રધ્ધાપુર્વક ઉજવણી કરવામાં આવી હતી.

### કોમામાં આવેલા વડિલો તેમજ કોઈપણ ઉંમરની વ્યકિતઓને પણ પ્રવેશ

## રાજકોટ : સદ્ભાવના વૃધ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે : નિઃશૂલ્ક પ્રવેશ અપાશે

### કેન્સરગ્રસ્ત હોય તેવા વડીલોને પણ પ્રવેશ મળશે : અનેરી સેવા

રાજકોટ, તા. ૧૭

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરિયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાદમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામૂલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહ્યા છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમના) કે જેની સેવા ચાકરી કરવા વાળું પણ કોઈ ન હોય, એકલવાયી, નિરાધાર હાલતમાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનશીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહ્યો છે. યથા શકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ, કોમામાં, કેન્સરગ્રસ્ત હોય એવા વડીલો તેમજ કામોમાં રહેલા કોઈ પણ ઉંમરના વ્યકિતઓને જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ, રાજકોટ સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરીએ છીએ. આ અંગે વધુ માહીતી માટે સદભાવના વૃધ્ધાશ્રમ (મો.૮૦૦૦૨ ૮૮૮૮૮)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.



















### ભાજપ અને મોદી સરકાર સામે તાક્યું નિશાન

# મને લાગે છે કે ભાજપને ૧૫૦ બેઠકો મળશે : રાહુલ ગાંધી

## સંયુક્ત પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધી, સપા નેતા અખિલેશ યાદવ સહિત અન્ય સહયોગી નેતાઓ હાજર રહ્યા હતા

નવી દિલ્હી, તા.૧૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં પીએમ મોદી અને ભાજપના નેતૃત્વ હેઠળનું NDA ગઠબંધન તથા I.N.D.I.A. ગઠબંધન વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. આ વખતે મોદી સરકારના વિજયી રથને રોકવા માટે I.N.D.I.A.ના સહયોગી પક્ષોએ પણ કમર કસી લીધી છે. આ જ ક્રમમાં આજે ફરી એકવાર I.N.D.I.A.ના નેતાઓ દ્વારા એક સંયુક્ત પત્રકાર પરિષદ આયોજિત કરાઈ હતી.

લોકસભા ચૂંટણીમાં એક તરફ ભાજપ દાવો કરી રહ્યું છે કે દ્વઢ્ઢછ ૪૦૦થી વધુ બેઠકો જીતશે. આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી સમયે બેઠકોની સંખ્યાને લઈને મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. તેમણે કહ્યું કે, આખા દેશમાં જબરદસ્ત અન્ડર કરંટ છે. હું બેઠકોની ભવિષ્યવાણી નથી કરતો. ૧૫-૨૦ દિવસ પહેલા હું વિચારતો હતો કે ભાજપને લગભગ ૧૮૦ બેઠકો મળશે, પરંતુ હવે મને લાગે છે કે તેમને ૧૫૦ બેઠકો મળશે. અમને તમામ રાજ્યથી રિપોર્ટ મળી રહ્યા છે અમે સુધારો કરી રહ્યા છીએ. ઉત્તરપ્રદેશમાં અમારું ગઠબંધન મજબૂત છે અને અમે ઘણું સારું પ્રદર્શન કરીશું. આ સંયુક્ત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ સહિત અન્ય સહયોગી નેતાઓ હાજર રહ્યા હતા. જ્યાં અખિલેશ યાદવે ભાજપને ઘેરતાં સવાલોનો મારો ચલાવ્યો હતો. અખિલેશે કહ્યું કે ચૂંટણી બોન્ડે ભાજપની બેન્ડ વગાડી દીધી. ડબલ એન્જિનની સરકારમાં હોર્ડિંગ્સ પર માત્ર એક જ ચહેરો જોવા મળી રહ્યો છે.

આ દરમિયાન રાહુલ ગાંધીએ પણ ભાજપને સવાલ પૂછ્યો કે જો ચૂંટણી બોન્ડ યોગ્ય જ હતું તો પછી સુપ્રીમકોર્ટે તેને રદ કેમ કર્યા? જે લોકોએ ભાજપને હજારો કરોડો રૂપિયા આપ્યા તેના વિશે વિગતો કેમ છુપાવાઈ? કંપનીઓને હજારો કરોડોના કોન્ટ્રાક્ટ અપાય છે અને તેના તાત્કાલિક બાદ તે કંપનીઓ ભાજપને ડોનેશન આપે છે. હાલમાં બેરોજગારી, મોંઘવારી મુખ્ય મુદ્દા છે છતાં ભાજપ ફક્ત લોકોનું ધ્યાન ભટકાવવામાં જ વ્યસ્ત છે. ખેડૂતો પણ પરેશાન છે. તેમને એમએસપી નથી મળી રહી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ વિચારધારાની ચૂંટણી છે. ભાજપ બંધારણનો નાશ કરી રહ્યો છે. તેને બચાવવા માટે આ એક વિકલ્પ છે. ક્યારેક પીએમ મોદી પાણીની નીચે જાય છે. ક્યારેક તેઓ આકાશમાં જાય છે. પીએમ મોદીએ સ્ક્રિપ્ટેડ અને ફ્લોપ ઈન્ટરવ્યૂ આપ્યો અને ચૂંટણી બોન્ડ વિશે વાત કરી. અમારું ગઠબંધન અને કોંગ્રેસ પાર્ટી લોકશાહી બચાવવાનો પ્રયાસ કરી રહી છે. પીએમ મોદી ભ્રષ્ટાચારના ચેમ્પિયન છે.

અખિલેશ યાદવે કહ્યું, 'ઈલેક્ટોરલ બોન્ડે સરકારની પોલ ખોલી નાખી છે. ભાજપ ભ્રષ્ટાચારનો ગોડાઉન બની ગયો છે. એક-બે નહીં પરંતુ દસ પેપર લીક થયા છે. ૬૦ લાખ લોકોનું ભવિષ્ય અંધકારમાં ધકેલાયું છે. તેમણે કાર્યકર્તાઓને માત્ર મતદાન કરવા જ નહીં પરંતુ બૂથની સુરક્ષા કરવા માટે પણ અપીલ કરી હતી.

રાહુલ ગાંધીને પત્રકાર પરિષદ દરમિયાન એક પત્રકારે સવાલ પૂછ્યું કે શું તમે અમેઠી કે રાયબરેલીથી લોકસભા ચૂંટણી લડશો? તેના પર રાહુલ ગાંધીએ તરત જ જવાબ આપ્યો કે આ તો ભાજપનો સવાલ છે. ખૂબ સરસ, શાબાસ. જોકે રાહુલે કહ્યું કે મને પાર્ટી જે આદેશ આપશે તે હું કરીશ. અમારી પાર્ટીમાં આ બધા નિર્ણય કોંગ્રેસની વર્કિંગ કમિટી દ્વારા લેવાય છે.

### અમે સત્તામાં આવીશું તો CAA રદ કરીશું : ટીએમસી

# ટીએમસીએ લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો

## ટીએમસીએ ચૂંટણીના ઢંઢેરામાં ઘણા મોટા વચનો આપ્યાં

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળની શાસક અને વિપક્ષ ભારત ગઠબંધનના સાથી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ આજે લોકસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. મમતા બેનર્જીના નેતૃત્વવાળી પાર્ટીએ નાગરિકતા સંશોધન કાયદો (સીએએ) રદ કરવાનું અને દેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ ન કરવાનું વચન આપ્યું છે. ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયને પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતાં એવું કહ્યું કે જ્યારે ટીએમસી ભારત ગઠબંધનના ભાગ રૂપે કેન્દ્રમાં સરકાર બનાવશે ત્યારે અમે આ બધું કરીશું." સીએએ અને યુસીસી ઉપરાંત, ટીએમસીના ઢંઢેરામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ દૈનિક ભથ્થું વધારીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિન કરવાનું વચન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પાર્ટીએ તમામને પાકા મકાનો આપવાનું વચન પણ આપ્યું છે. આ ઉપરાંત પાર્ટીએ ગરીબી રેખા (બીપીએલ) હેઠળ જીવતા પરિવારોના ઘરઆંગણે રાશન પહોંચાડવાનું અને ૧૦ એલપીજી સિલિન્ડર વિના મૂલ્યે આપવાનું વચન આપ્યું છે. આ ઢંઢેરામાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ, એસસી, એસટી અને ઓબીસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને તમામ યુવાનોને રોજગારની ગેરંટી આપવાનું વચન આપવામાં આવ્યું છે. ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે દેશના તમામ ગરીબ પરિવારોને મફત આવાસ આપવામાં આવશે. તમામ રેશનકાર્ડ ધારકોને દર મહિને પાંચ કિલો અનાજ વિના મૂલ્યે આપવાનું વચન આપવામાં આવ્યું છે. યુવાનોને આકર્ષવા માટે, ઢંઢેરામાં ૨૫ વર્ષ સુધીના તમામ સ્નાતકો અને ડિપ્લોમા ધારકોને માસિક સ્ટાઈપેન્ડ સાથે એક વર્ષની એપ્રેન્ટિસશીપનું વચન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ૧૦ લાખ રૂપિયા સુધીના વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ આપવાનું વચન આપવામાં આવ્યું છે. ટીએમસીના વરિષ્ઠ નેતા અમિત મિત્રાએ આ પ્રસંગે કહ્યું હતું કે તેમની પાર્ટી પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ બનાવીને પેટ્રોલ અને ડીઝલના ભાવને નિયંત્રિત કરવાનું વચન આપે છે.

### અમિત શાહ ૧૯મીએ ઉમેદવારી પત્ર ભરશે

# આવતીકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો ભવ્ય રોડ શો

## આજે સાણંદ, કલોલ, સાબરમતી, ઘાટલોડીયા નારણપુરા, વેજલપુર વિધાનસભા વિસ્તારમાં રોડ શો

અમદાવાદ, તા.૧૭

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ગાંધીનગર લોકસભા મત ક્ષેત્રના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હાલના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ તારીખ ૧૯ ગાંધીનગર ખાતે બપોરે ૧૨:૩૯ ઉમેદવારી પત્ર ભરશે, તે પૂર્વે આવતીકાલે તારીખ ૧૮મી એ તેમના મતવિસ્તારમાં સમાવિષ્ટ થતી વિધાનસભા બેઠક સાણંદ, કલોલ, સાબરમતી, ઘાટલોડીયા નારણપુરા, વેજલપુર વિધાનસભા વિસ્તારમાં ભવ્યાતી ભવ્ય વિજય શંખનાદ રોડ શો સાથે જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલના રોડ શોને લઈને કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે સાંજે જ અમદાવાદ આવી ગયા છે. આવતીકાલે અમિત શાહના છ સ્થળોએ રોડ શોનું આયોજન છે. તેને સફળ બનાવવા ભારતીય જનતા પાર્ટી દ્વારા પૂરજોશથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે, ગુરુવારે સવારે આઠ કલાકે સાણંદમાં ઘોડાગાડી રિક્ષા સ્ટેન્ડ થી રોડ શોની શરૂઆત થશે. જ્યારે સાણંદ નળ સરોવર ચોકડી પર સમાપન થશે.કલોલમાં સવારે ૯:૩૦ કલાકે જેપીગેટ થી રોડ શો શરૂ થશે, જ્યારે ટાવર ચોકમાં સમાપન થશે. સાબરમતીમાં બપોરે ત્રણ કલાકે રામજી મંદિર રોડથી સરદાર પટેલ રોડનુ પ્રસ્થાન થશે, જ્યારે ચાંદલોડિયા રોડ પર સમાપન થશે. ઘાટલોડિયામાં સાંજે ૪:૩૦ કલાકે રોડ શો ચાંદલોડિયા રોડ ઉમિયા હોલ જંકશનથી પ્રસ્થાન થશે. સાંજે ૫:૩૦ કલાકે નારણપુરામાં રંન્ના પાર્કથી ક્રિષ્ના ડેરી સુધીના રોડ શોનું આયોજન છે, સાંજે ૬:૩૦ કલાકે વેજલપુરના જીવરાજ પાર્કથી રોડ શોની શરૂઆત થશે અને કોર્પોરેશન વોર્ડ ઓફિસ પાસે અમિત શાહ જાહેર સભાને સંબોધન કરશે.આ રોડ શો દરમિયાન રાસ મંડળી, વૈદિક મંત્રોચ્ચાર, રાજસ્થાની, પંજાબી, મહારાષ્ટ્ર નૃત્યની પ્રસ્તુતિ રજૂ થશે. આ ઉપરાંત પાઈપ બેન્ડ શરણાઈ મંડળી સુરાવલી રેલાવશે. આ ઉપરાંત વિવિધ ગાયક કલાકારો પોતાની ગાયકી રજૂ કરશે.

### ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી

# ભારતની કુલ વસ્તી UNના રિપોર્ટ મુજબ ખુલાસો, ચીનને પાછળ છોડ્યું

## ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે : આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે

નવી દિલ્હી, તા.૧૭

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડે ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો, ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. જોકે તે સમયે ભારત ચીન પછી બીજા નંબરનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હતો અને દેશની વસ્તી ૧૨૧ કરોડ હતી. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. જે મુજબ ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. વાત જાણે એમ છે કે, અહેવાલ મુજબ ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે. આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે.યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. રિપોર્ટમાં એવો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે કે, આવનારા ૭૭ વર્ષમાં ભારતની વસ્તી બમણી થઈ જશે. વસ્તીની સાથે રિપોર્ટમાં નવજાત બાળકોના મૃત્યુ, મહિલાઓની સ્થિતિ અને LGBTQ વગેરેનો ડેટા પણ આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં માતૃ મૃત્યુમાં મોટો ઘટાડો થયો છે.યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના રિપોર્ટ અનુસાર ભારતની ૧૪૪.૧૭ કરોડ વસ્તીમાંથી ૨૪ ટકા ૦-૧૪ વર્ષની વય જૂથમાં છે જ્યારે ૧૭ ટકા ૧૦-૧૯ વર્ષની વય જૂથમાં છે. એટલું જ નહીં ભારતમાં ૧૦-૨૪ વર્ષની વય જૂથમાં પણ ૨૬ ટકા છે જ્યારે ૧૫-૬૪ વર્ષની વય જૂથમાં સૌથી વધુ ૬૮ ટકા છે. આ ઉપરાંત ભારતની ૭ ટકા વસ્તી ૬૫ વર્ષ અને તેથી વધુ વયની છે જેમાં પુરુષોનું આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓનું ૭૪ વર્ષ છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં માતા મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે વિશ્વભરના આવા તમામ મૃત્યુના ૮ ટકા છે.ભારતમાં આ સફળતાનો શ્રેય જનતાને સસ્તી અને સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા અને લિંગ ભેદભાવ ઘટાડવાના સરકારના પ્રયાસોને આપવામાં આવ્યો છે.PLOSના ગ્લોબલ પબ્લિક હેલ્થ રિપોર્ટને ટાંકીને દ્રહૃૅછએ જણાવ્યું હતું કે, સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ભારતના ૬૪૦ જિલ્લાઓમાંથી એક તૃતીયાંશ જિલ્લાઓએ માતા મૃત્યુ ઘટાડવા માટે ટકાઉ વિકાસ લક્ષ્ય હાંસલ કર્યું છે. ભારત સરકાર દ્વારા નવજાત મૃત્યુ દર ઘટાડવા અને શિશુઓ અને માતાઓને પૌષ્ટિક આહાર આપવા માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત સારી અને સસ્તી આરોગ્ય સેવાએ પણ વસ્તી વૃદ્ધિમાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

### રામ લલ્લાના કપાળ પર સુધી સૂર્યએ તિલક કર્યું

# અવધમાં ઘણા દાયકા બાદ રામ નવમીની ભવ્ય ઉજવણી

## રામ નવમી નિમિત્તે સવારથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા : ભગવાન રામને ૫૬ ભોગનો પ્રસાદ અર્પણ

અયોધ્યા, તા.૧૭

૧૭ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં ભગવાન રામની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ જન્મભૂમિ ખાતે ભગવાન રામની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યા ખાતે જાન્યુઆરીમાં આયોજિત ભવ્ય "પ્રાણ પ્રતિષ્ઠા" ઈવેન્ટ પછી પ્રથમવાર રામનવમીની ઉજવણી થઈ હતી. જે ઉજવણીના ભાગરૂપે 'સૂર્ય તિલક'ની એક અવકાશી ઘટના હાથ ધરવામાં આવી હતી, જેમાં થોડી મિનિટો માટે ભગવાન રામ લલ્લાના કપાળને પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

રામ નવમી નિમિત્તો બુધવારે વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાથી ઉમટયા હતા. ઉત્સવના ભાગરૂપે ભગવાન રામને ૫૬ ભોગનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. 'સૂર્ય તિલક' દરમિયાન ભક્તોને રામ મંદિરની અંદર જવાની પરવાનગી આપવામાં આવી હતી. મંદિર ટ્રસ્ટે આશરે 100 LED સ્થાપિત કર્યા છે, જ્યારે સરકારે ૫૦ની સ્થાપના કરી છે, જે તમામ રામ નવમીની ઉજવણીના પ્રદર્શન માટે મુકાયા હતા. રામનવમીના તહેવાર નિમિત્તે અયોધ્યામાં શ્રધ્ધાળુઓના મોટા ધસારાની અપેક્ષામાં, ઉત્તર પ્રદેશ સરકારે શહેરમાં અને તેની આસપાસ સુરક્ષાના કડક પગલાં અમલમાં મૂક્યા હતા.

અયોધ્યા રામ મંદિર ખાતે એક અનોખી પ્રથમવાર ઘટના બની હતી રામ નવમી નિમિત્તે બપોરના ૧૨:૦૦ વાગે ભગવાન રામના કપાળ પર સૂર્યના કિરણો જાણે અભિષેક કર્યો હોય તેમ દ્રશ્ય સર્જાયું હતું. રામ નવમીના અવસરે સૂર્ય તિલક તરીકે ઓળખાતા રામ લલ્લાની મૂર્તિના કપાળને સૂર્યપ્રકાશના કિરણથી અભિષેક કરવામાં આવ્યો હતો. અદ્યતન વૈજ્ઞાનિક નિપુણતાનો ઉપયોગ કરીને, ૫.૮ સેન્ટિમીટર પ્રકાશનો કિરણ દેવતાના કપાળ પર અથડાયો. આ નોંધપાત્ર ઘટના હાંસલ કરવા માટે, એક વિશિષ્ટ સાધનની રચના કરવામાં આવી હતી. રામ મંદિર ખાતે તૈનાત દસ પ્રતિષ્ઠિત ભારતીય વૈજ્ઞાનિકોની ટીમે રામ નવમી પર આ શુભ પ્રસંગની સફળતાની ખાતરી આપી હતી. બપોરે ૧૨ વાગ્યાથી લગભગ ૩ થી ૩.૫ મિનિટ સુધી, અરીસાઓ અને લેન્સના સંયોજનનો ઉપયોગ કરીને સૂર્યપ્રકાશ પ્રતિમાના કપાળ પર ચોક્કસ રીતે નિર્દેશિત કરવામાં આવ્યો હતો.

મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત, અગ્રણી સરકારી સંસ્થાના વૈજ્ઞાનિકોએ અરીસાઓ અને લેન્સનો સમાવેશ કરતું અત્યાધુનિક ઉપકરણ બનાવ્યું. આ મિકેનિઝમ, જેને સત્તાવાર રીતે 'સૂર્ય તિલક મિકેનિઝમ' તરીકે ઓળખવામાં આવે છે, તે એક નોંધપાત્ર વૈજ્ઞાનિક અને એન્જિનિયરિંગ સિદ્ધિને ચિહ્નિત કરે છે.

મળતી માહિતી અનુસાર ઓપ્ટો-મિકેનિકલ સિસ્ટમમાં ચાર અરીસાઓ અને ચાર લેન્સનો સમાવેશ થાય છે જે ટિલ્ટ મિકેનિઝમ અને પાઈપિંગ સિસ્ટમની અંદર ફીટ કરવામાં આવે છે. ટિલ્ટ મિકેનિઝમ માટેનું બાકોરું સાથેનું સંપૂર્ણ કવર અરીસાઓ અને લેન્સ દ્વારા સૂર્યના કિરણોને ગર્ભ તરફ વાળવા માટે ટોચના માળે મૂકવામાં આવે છે.

### અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટેન્ક પાછળ કાર ઘુસી ગઈ

# એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત

## કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી, તે સમયે અકસ્માત સર્જાયો હતો મૃતકોમાં ૪ લોકો અમદાવાદના છે, જ્યારે કારનો ડ્રાઈવર રાજસ્થાનનો છે

ખેડા, તા.૧૭

રાજ્યમાં વધુ એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત ૧૦ લોકોનાં મોત થયા છે. ટ્રેલરની પાછળ કાર ઘૂસી જતાં આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી, તે સમયે નડિયાદ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મળતી તાજા માહિતી અનુસાર, અર્ટિગા કાર સટલ મારી રહ્યો હતો અને ૧૦ લોકોને કારમાં બેસાડ્યા હતા. મૃતકોમાં ૪ લોકો અમદાવાદના છે, જ્યારે કારનો ડ્રાઈવર રાજસ્થાનનો છે. બાકીના લોકોની ઓળખ હાથ ધરવામાં આવી છે. જે કારને અકસ્માત નડ્યો, તે અમદાવાદ પાસિંગની અર્ટિગા કાર છે. જેનો નંબર GJ 27 EC ૨૫૭૮ છે. મળતી માહિતી અનુસાર, આ કાર કિરણ બ્રહ્મભટ્ટના નામે રજીસ્ટર હતી. મૃતકો અમદાવાદ અને વડોદરાના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે આ દુખદ ઘટનામાં ૧ મહિલા, ૧ બાળકી અને ૮ પુરુષનાં મોત થયા છે. કારમાં અમદાવાદ-વડોદરાના પરિવાર હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યું છે.

આ અકસ્માત અંગે ખેડા એસપી, રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, વડોદરા અમદાવાદ એક્સપ્રેસ વે પર નડિયાદથી પાંચેક કિલોમીટર આગળ ઉભેલા ટ્રેલર પાછળ એક અર્ટિગા કારનો અકસ્માત થયો હતો. અર્ટિગા કારમાં ૧૦ મુસાફરો હતા. જેમાંથી બે લોકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાકીના ૮ લોકોના ઘટનાસ્થળે મત્યુ થયા હતા. આ ખૂબ જ દુખદ ઘટના બની છે. સમાચાર મળતાં જ કલેક્ટર, મેડિકલ ટીમ, નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ, પોલીસ ટીમ અને સ્થાનિક લોકોની મદદથી મુસાફરોને ગાડીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી બે લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં બે લકોના મોત થયા છે. અકસ્માતમાં કુલ ૧૦ લોકોના મોત થાય છે. આ તમામના પરિવારનો સંપર્ક કરાઈ હ્યો છે. જેમાંથી ૪ લોકોની ઓળખ થઈ છે. વહીવટી તંત્ર મદદ કરી રહ્યું છે.બીજી બાજુ, મળતી માહિતી અનુસાર ટ્રેલરમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, તેથી તે ઊભું હતું. આ સમયે જ તેની પાછળ કાર પાછળથી ઘૂસી ગઈ હતી. જેમાં ૧૦ લોકો સવાર હતા. આ લોકો વડોદરાથી અમદવાદ જઈ રહ્યા હતા.ટ્રેલર પૂણાથી અમદવાદ આવી રહ્યું હતું. તે દરમિયાન તેમાં ટેક્નિકલ ખામી સર્જાતા તે રસ્તાની બાજુમાં ઊભું હતું. ગાડીની સ્થિતિ જોતાં ગાડીની સ્પીડ ૧૧૦થી વધુ હોવાનું અનુમાન વ્યક્ત કરાઈ રહ્યું છે. ગાડી ૭ સીટર છે અને તેમાં ૧૦ લોકો સવાર હતા. હાલ પોલીસ તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

અકસ્માતના મૃતકોના નામ

૧. યોગેશ નરેન્દ્રભાઈ પંચાલ (અમદાવાદ)
૨. નીલકુમાર મુકેશભાઈ ભોજાણી (વડોદરા)
૩. જયશ્રીબેન મનોજભાઈ મિસ્ત્રી (વડોદરા)
૪. સોલંકી અમિત મનોજભાઈ (વાપી)
૫. શાહબુદ્દીન અબ્દૂલશકર અંસાર (મુંબઈ)
૬. સુરેન્દ્રસિંહ રાવત (રાજસ્થાન - ડ્રાઈવર)

### મહારાષ્ટ્રના અમરાવતી લોકસભા બેઠકમા નિવેદન આપ્યુ

# ભાજપના દિગ્ગજ મહિલા નેતા પોતાના નિવેદન પર ઘેરાયા

## ભ્રમમાં ન રહેશો કે મોદી લહેર છે ૨૦૧૯માં મોદી લહેર હતી: તેમ છતાં હું એક અપક્ષ ઉમેદવાર તરીકે જીતી

અમરાવતી, તા.૧૭

મહારાષ્ટ્રના અમરાવતી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર નવનીત રાણા તેમના એક નિવેદન અંગે મુશ્કેલીમાં મૂકાયા છે. તેમણે કહ્યું કે એવા ભ્રમમાં ન રહેશો કે મોદીની હવા છે, લહેર છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર હતી. જોકે હવે નવનીત રાણાનું આ નિવેદન વાયરલ થઈ રહ્યું છે. નવનીત રાણાએ જે નિવેદન આપ્યું તેનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તે વીડિયોમાં કહેતા સંભળાય છે કે આપણે આ ચૂંટણી એવી રીતે લડવી પડશે જેમ આ કોઈ ગ્રામ પંચાયતની ચૂંટણી હોય. આપણે ૧૨ વાગ્યા સુધીમાં તમામ મતદારોને બૂથ સુધી લાવવા પડશે અને તેમને મતદાન કરવા કહેવું પડશે. ભ્રમમાં ન રહેશો કે મોદી લહેર છે. ૨૦૧૯માં મોદી લહેર હતી. તેમની પાસે સંસાધન હતા પણ તેમ છતાં હું એક અપક્ષ ઉમેદવાર તરીકે જીતી હતી.

ઉલ્લેખનીય છે કે નવનીત રાણાએ ગત લોકસભા ચૂંટણી એનસીપીના સમર્થનથી જીતી હતી. ત્યારે એનસીપીના ભાગલા નહોતા પડ્યા. આ દરમિયાન ઉદ્ધવની શિવસેના યુબીટીએ કહ્યું કે નવનીત રાણા સાચુ બોલી રહ્યા છે. આવી જ પ્રતિક્રિયા એનસીપી શરદ ચંદ્ર પવારના પ્રવક્તા મહેશ તપસેએ આપી હતી. તેમણે કહ્યું કે ભાજપને ખબર પડી ગઈ છે કે હવે મોદી લહેર નથી.

નવનીત રાણાએ વીડિયો વાયરલ થયા બાદ સ્પષ્ટતા કરતાં કહ્યું કે વિપક્ષે મારા વીડિયો સાથે ચેડાં કરી તેને વાયરલ કર્યો છે. મોદીના નામે જ લોકો પાસે સમર્થન માગવામાં આવી રહ્યું છે. દેશના વિકાસ માટે મોદી જરૂરી છે. હું મોદીના નામે અને દેશની ભલાઈ માટે જ લોકો પાસે વોટ માગી રહી છું. વિપક્ષ ગંદુ રાજકારણ કરવાનું બંધ કરે.

### અમિતાભ બચ્ચનને વધુ એક સન્માન મળશે

# અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાશે

## ૨૪ એપ્રિલે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૭

બોલિવૂડના દિગ્ગજ અમિતાભ બચ્ચનને રાષ્ટ્ર, તેના લોકો અને સમાજ પ્રત્યેના નોંધપાત્ર સમર્પણ બદલ પ્રતિષ્ઠિત ત્રીજા લતા દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જે વિશે મંગેશકર પરિવારે મંગળવારે જાહેરાત કરી છે.આ પ્રતિષ્ઠિત પુરસ્કારના અગાઉના પ્રાપ્તકર્તાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકપ્રિય ગાયિકા આશા ભોસલેનો સમાવેશ થાય છે.દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન દ્વારા ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ દિવંગત ભારત રત્ન પુરસ્કાર વિજેતા અને સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરની યાદમાં સ્થાપિત, લતા દીનાનાથ મંગેશકર પુરસ્કાર અન્ય ઘણી વ્યક્તિઓને પણ તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો હતો.

માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી અન્ય કેટલાકને સન્માનિત કરવાનું નક્કી કર્યું છે. જેમાં સંગીત નિર્દેશક એ.આર. રહેમાન અને સંગીત માટે પીઢ મરાઠી અભિનેતા અશોક સરાફ, ફિલ્મો માટે પદ્મિની કોલ્હાપુર, ભારતીય સંગીત માટે ગાયક રૂપકુમાર રાઠોડ, મરાઠી થિયેટર માટે અભિનેતા અતુલ પરચુરે અને સાહિત્ય માટે નિવૃત્ત શિક્ષક અને લેખિકા મંજીરી ફડકે. વધુમાં, અભિનેતા, નિર્માતા અને દિગ્દર્શક રણદીપ હુડાને સિનેમામાં તેમના યોગદાન બદલ વિશેષ પુરસ્કાર મળ્યો હતો.મરાઠી નાટક ગાલિબને શ્રેષ્ઠ નાટક માટે મોહન વાળા એવોર્ડ મળશે. દિપસ્તંભ ફાઉન્ડેશનનો મનોબલ પ્રોજેક્ટ, જે વિકલાંગ વ્યક્તિઓ, અનાથ અને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને રહેણાંકની તાલીમ પૂરી પાડે છે, તેને તેની ઉત્કૃષ્ટ સામાજિક સેવા માટે ઓળખવામાં આવશે.

એવોર્ડની જાહેરાત દરમિયાન પ્રેસને સંબોધતા સંગીત નિર્દેશક હૃદયનાથ મંગેશકરે જણાવ્યું હતું કે છેલ્લા ૩૪ વર્ષોમાં વિવિધ ક્ષેત્રોની ૨૧૨ પ્રતિષ્ઠિત હસ્તીઓનું સન્માન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાયિકા ઉષા મંગેશકર, હૃદયનાથના પુત્ર આદિનાથ મંગેશકર અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. એવોર્ડ મેળવનારાઓને ૨૪ એપ્રિલે વિલે પાર્લેના દીનાનાથ મંગેશકર નાટ્યગૃહમાં સન્માનિત કરવામાં આવશે.

### આચારસંહિતા ભંગની ચૂંટણી પંચમાં ફરિયાદ

# મોદીના પોસ્ટર ઉતરાવવા ક્ષત્રિય સમાજે ચૂંટણી પંચમાં નોંધાવી ફરિયાદ

## ક્ષત્રિય સમાજનો આક્ષેપ છે કે મુદ્રક અને પ્રકાશકનું નામ જાહેર કર્યા વગર બેનર લગાવવામાં આવ્યા છે

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં ભાજપે બેનરો લગાવતા ક્ષત્રિય સમાજ દ્વારા આચારસંહિતા ભંગની ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. ક્ષત્રિય સમાજનો આક્ષેપ છે કે મુદ્રક અને પ્રકાશકનું નામ જાહેર કર્યા વગર બેનર લગાવવામાં આવ્યા છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો પોતાના પ્રચાર માટે બેનરો લગાવતા હોય છે. ત્યારે રાજકોટમાં ભાજપે બેનરો લગાવતા ક્ષત્રિય સમાજ દ્વારા આચારસંહિતા ભંગની ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. ક્ષત્રિય સમાજનો આક્ષેપ છે કે મુદ્રક અને પ્રકાશકનું નામ જાહેર કર્યા વગર બેનર, હોર્ડિંગ, પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આ સાથે જ કહ્યું હોર્ડિંગની પૂર્વ મંજૂરી લેવામાં આવી નથી. તંત્ર ભાજપના ઈશારે કામ કરતું હોવાનો આક્ષેપ ક્ષત્રિય સમાજે કર્યો છે. બીજી તરફ અમદાવાદમાં મળેલી ક્ષત્રિય સમાજની બેઠકમાં ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાએ કહ્યું હતુ કે ક્ષત્રિય સમાજની એક જ માગણી છે. રૂપાલાની ટિકિટ રદ થાય. ક્ષત્રિય સમાજ કોઈ પણ હિસાબે રૂપાલાને માફ કરવા માટે તૈયાર નથી. આ સાથે તેમણે કહ્યું કે ૧૯ તારીખ સુધીમાં રૂપાલા ઉમેદવારી પરત નહીં ખેંચે તો આંદોલનનો બીજા ભાગ શરૂ થશે. આ ઉપરાંત ગીતાબાના આક્ષેપ અંગે કહ્યું કે જો અમે સરકાર સાથે મળેલા હોત તો અમે કાલે જ સમાધાન કરી લીધું હોત.

### ચૂંટણીની તૈયારીઓ વચ્ચે નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો

# ક્ષત્રિયો અને રૂપાલા ના વિવાદ વચ્ચે નીતિન પટેલનું નિવેદન

## પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું રૂપાલાએ કરેલી વિવાદિત ટિપ્પણી બાદ ક્ષત્રિયોનું આંદોલન હવે દિન પ્રતિદિન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં પરસોતમ રૂપાલા એ ક્ષત્રિયો પર કરેલી ટિપ્પણીને લઈને વિવાદ ગુજરાતમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વિવાદની વચ્ચે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે જેને પગલે રાજકારણમાં કાળઝાળ ગરમીની જેમ માહોલ ગરમાયો છે. વિવાદ દરમિયાન ક્ષત્રિયો દ્વારા એવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છેકે, ઉમેદવારની ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૯મી એપ્રિલ છે. જો રૂપાલા ફોર્મ પરત નહી ખેંચે તો ગુજરાતમાં ભાજપ વિરૂધ્ધ ચૂંટણી પ્રચારને વેગીલો બનાવવમાં આવશે. કેન્દ્રીય મંત્રી અને રાજકોટથી ભાજપના લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા હાલ વિવાદમાં છે. એ ચર્ચાનું કારણ છે તેમણે ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટિપ્પણી. હાલમાં જ એક જાહેરસભામાં તેમણે ક્ષત્રિય સમાજ અંગે વિવાદિત ટિપ્પણી કરી અને ત્યાર બાદ લોકસભાની ચૂંટણી પહેલાં જ ગુજરાતમાં રીતસર ભડકો થયો. પોતાના વિવાદિત નિવેદન બદલે રૂપાલાએ ત્રણ-ત્રણ વાર બે હાથ જોડીને ક્ષત્રિયોની માફીઓ માંગી.

સરકારના તમામ મંત્રીઓ, ગુજરાત ભાજપનું આખું પ્રદેશ સંગઠન પણ આ મુદે ક્ષત્રિયોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એટલું જ નહીં ત્યાં સુધી કે ખુદ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર.પાટીલે પણ આ આંદોલન સમેટી લેવા મુદ્દે ક્ષત્રિયોને ઘણી વિનંતીઓ કરી. જોકે, ક્ષત્રિયો ટસના મસના થયા. ત્યારે હવે આ મુદ્દે ચર્ચામાં આવ્યું છે ગુજરાત ભાજપના વધુ એક દિગ્ગજ નેતાનું નિવેદન સામે આવ્યું છે. ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું રૂપાલાએ કરેલી વિવાદિત ટિપ્પણી બાદ ક્ષત્રિયોનું આંદોલન હવે દિન પ્રતિદિન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે. ગુજરાત સરકારના મંત્રીઓ, પ્રદેશ ભાજપના હોદ્દેદારો અને ભાજપના લોકસભાના ઉમેદવારો પણ હવે રૂપાલા મુદ્દે ખુલીને સમર્થન કરી રહ્યાં છે. ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે રૂપાલા અને ક્ષત્રિય આંદોલન અંગે પોતાની પ્રતિક્રિયા આપી. ક્ષત્રિયોના વિવાદ પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુંકે, હિંદુઓના પૂજનીય ભગવાન શ્રીરામ ક્ષત્રિય જ છે. તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તેવી અભિલાષા છે. દરેક પ્રશ્નોનું સુખદ નિરાકણ આવે એ જરૂરી છે. રામના નામે રાજનીતિ ના થવી જોઈએ. મળતી માહિતી અનુસાર ૭ મે મતદાનના દિવસે પણ ભાજપના ઉમેદવારને મત આપશો નહી તેવી મતદારોને અપીલ કરવામાં આવશે.

આમ, અત્યાર સુધી રૂપાલાનો જ વિરોધ કરવામાં આવી રહ્યો હતો પણ હવે ક્ષત્રિયોએ ભાજપ સામે મોરચો માંડ્યો છે. આગામી તા, ૧૯મીએ ફરી ક્ષત્રિય સંકલન સમિતીની બેઠક મળનાર છે જેમાં આંદોલનની રણનિતી ઘડવામાં આવશે અને વધુ આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

### રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં ઉમટ્યા લોકો

# સહરાનપુરમાં પ્રિયંકા ગાંધીનો અભૂતપૂર્વ રોડ શો યોજાયો

## પ્રિયંકા ગાંધીએ જનતાને સંબોધિત કરતા કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકાર પર નિશાન તાંક્યુ હતું

ઉત્તરપ્રદેશ, તા.૧૭

પ્રિયંકાએ જૈન બાગ સ્થિત જૈન મંદિરમાં ભગવાન મહાવીરના દર્શન કરીને આસીર્વાદ લીધા હતા. ત્યારબાદ બરોપે ૧૨ વાગ્યે તેમણે પોતાનો રોડ શ શરૂ કર્યો હતો. જ્યાં કોંગ્રેસ અને સપાના નેતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.પ્રિયંકા ગાંદીનો રોડ શો રાયવાલા, જેબીએસ ઈન્ટર કોલેજ. કમ્બોહ પૂલ, રાંધડો પૂલ અને કુતબશેર થઈને ગુરૂદ્વાપા રોડ પર પૂરો થયો હતો. આ વિસ્તારમાં મુસ્લિમ વસ્તી મોટી છે. ઈન્ડિયા ગઠબંધન તરફથી અત્યારસુધી પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં કોઈફાયર બ્રાન્ડ નેતા જનસભા કરવા પહોંચ્યા ન હતા. પહેલા ચરણના ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે બુધવારે સહરાનપુરમાં રોડ શો પહેલા પ્રિયંકાને સિધ્ધપીઠ શાકમ્ભરી દેવીના દર્શન કરવા જવું હતું. પરંતુ રામનવમીને દિવસે શ્રધ્ધાળુઓની ભીડને લીધે સુરક્ષાના કારણે જીલ્લા પ્રશાસને મંજુરી આપી ન હતી.

રોડ શો વાળા રસ્તાને લોકોએ ફૂગ્ગા અને ઝંડાથી સજાવ્યો હતો. પ્રિયંકા સાથે રથમાં કોંગ્રેસ ઉમેદવાર ઈમરાન મસૂદ. જીલ્લા અધ્યક્ષ સંદીપ રાણા સહિત કેટલાય મોટા નેતા હાજર રહ્યા હતા. પ્રિયંકાએ ગોલ કોઠીથી લઈને કુતુબશેર સુધી રોડ શો કર્યો હતો. એક કલાકથી વધુ ચાલેલા રોડ શોમાં પ્રિયંકા ગાંદીએ લગભગ ૧૨ મિનીટ સુધી જનતાને સંબોધિકત કરી હતી.પ્રિયંકાએ કહ્યું કે આ દેશે સત્તાને નહી સત્યને પૂજ્યું છે જ્યારે પીએમ મોદી કેવળ સત્તાને પૂજે છે, સત્યને નહી. રામનવમીના પર્વને યાદ કરતા પ્રિયંકાએ કહ્યું કે ભગવાન રામે પણ સત્યની લડાઈ લડી હતી. જ્યારે તેમની સામે રાવણ યુધ્ધ કરવા આવ્યો ત્યારે તમામ શક્તિ રાવણ પાસે હતી. પરંતુ રામે નવ વ્રત રાખીને તમામ શક્તિ પોતાની પાસે લઈ લીધી. ત્યારબાદ રાવણ સાથે યુધ્ધ કર્યું અને સત્યની જીત થઈ. વધુમાં તમણે કહ્યું કે વડાપ્રધાન મોદીએ ગરીબ, નાના વેપારી, મજૂરો માટે કંઈ કર્યું નથી. ભાજપની સરકારે ફક્ત અમીરોના ખિસ્સા ભર્યા છે. ઈલેક્ટોરલ બોન્ડ સ્કિમ પણ ભાજપ લઈને આવ્યું હતું તે તેને ગુપ્ત રાખવા માંગતા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે નામ બહાર પાડવાનો આદેશ આપીને ભાજપની પોલ ખોલી નાંખી હતી. તેમણે કહ્યું કે જે કંપની ૧૮૦ કરોડનો નફો કમાઈ રહી છે તે કંપની ૧,૧૦૦ કરોડ રૂપિયાનું દાન ભાજપનેઆપી રહી છે. તેમણે કહ્યું કે મારી જનતાને અપીલ છે કે સપા-કોગ્રેસ ગઠબંધનના ઉમેદવાર ભાઈ ઈમરાનને ભારે નતોતી જીતાડજો. ૧૯ એપ્રિલે વધમાં વધુ મતદાન કરજો.

# બાબરા : ડો. બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી કરાઈ





બાબરા, તા. ૧૭

બાબરા મુકામે ડો. બાબાસાહેબ આંબેડકર ની ૧૩૩મી જન્મ જયંતી ની ઉજવણી કરવામા આવી હતી. જેમાં મહામાનવ, વિશ્વ રત્ન, ભારતીય બંધારણ ના ઘડવૈયા, બોધિસત્વ ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ને ફુલહાર કરી,જયભીમ નો જયકાર બોલાવેલ હતો.

આ તકે બાબરા ન.પા.પુર્વે પ્રમુખ, બાબરા તાલુકા અનુ.જાતી.ખેતી સહ.મં.લી.ના પ્રમુખ ખીમજીભાઈ ગોવાભાઈ મારૂ, દલિત સમાજના આગેવાનો ભીખાભાઈ મારૂ, કાનજીભાઈ મારૂ, બાબુભાઈ મહીડા, જયંતીભાઈ સોલંકી, કેશુભાઈ રાઠોડ, નરેશભાઈ ખીમસુરીયા, કાન્તિભાઈ, વશરામભાઈ, રાજેશભાઈ મારૂ, વિજયભાઈ ચૌહાણ, અરજણભાઈ, ભરતભાઈ મારૂ, ધુડાભાઈ પરમાર, મનુભાઈ બારોટ, કેશુબાપુ, નાનજીભાઈ ખીમસુરીયા, મનુભાઈ મારૂ, હિતેશભાઈ મારૂ, હમીરભાઈ સોદરવા, રાહુલભાઈ ખીમસુરીયા, વિપુલભાઈ સોલંકી, કિશોરભાઈ ગોહિલ, કાળુભાઈ ચાચીયા, યુનીકભાઈ મારૂ, જીગ્નેશ મારૂ, ધર્મેશ મારૂ, અનીલ સોલંકી, ઉમેશ રાઠોડ, મૌલિક મારૂ, મનીષ કોચરા, વિપુલ પરમાર, જતીન મારૂ, વિશાલ મારૂ, રોહિત મારૂ સહિત ના બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયા હતા

### રાજકીય પક્ષોએ રેલી-રોડ શો, જનસભાઓ દ્વારા તાકાત લગાવી

# લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત

## ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૨૧ સ્થળોએ કુલ ૧૦૨ બેઠકો પર મતદાન થશે

નવી દિલ્હી, તા.૧૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનો પ્રચાર બુધવાર (૧૭ એપ્રિલ, ૨૦૨૪) સાંજે ૬ વાગ્યે સમાપ્ત થયો, જ્યારે દિવસ દરમિયાન તમામ મુખ્ય રાજકીય પક્ષોએ રેલી-રોડ શો, જનસભાઓ દ્વારા પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવસ દરમિયાન આસામના નલબારી પહોંચ્યા, જ્યાં તેમણે એક રેલીમાં કહ્યું કે ૪ જૂને પરિણામ શું આવવાનું છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં લોકો કહે છે- ૪ જૂન, ૪૦૦ પાર! ફરી એકવાર મોદી સરકાર.સવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને સપાના વડા અખિલેશ યાદવે દિલ્હીને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જે દરમિયાન તેઓએ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. આ સમય દરમિયાન, ઈન્ડિયા એલાયન્સ દ્વારા એક વીડિયો સોંગ પણ રિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૭ થી અત્યાર સુધી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીના એકસાથે વીડિયો અને ફોટા સામેલ છે.સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા હેઠળ, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૨૧ સ્થળોએ કુલ ૧૦૨ બેઠકો પર મતદાન થશે. આ સમયગાળા દરમિયાન અરુણાચલમાં બે, આસામમાં પાંચ, બિહારમાં ચાર, છત્તીસગઢમાં એક, મધ્યપ્રદેશમાં છ, મહારાષ્ટ્રમાં પાંચ, મણિપુરમાં બે, મેઘાલયમાં બે, મિઝોરમમાં એક, નાગાલેન્ડમાં એક, રાજસ્થાનમાં ૧૨, સિક્કિમમાં એક, તામિલનાડુમાં ૩૯, ત્રિપુરામાં એક, યુપીમાં આઠ, ઉત્તરાખંડમાં પાંચ, પશ્ચિમ બંગાળમાં ત્રણ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં એક, જમ્મુ અને કાશ્મીરમાં એક, લક્ષદ્વીપમાં એક અને પુડુચેરીમાં એક બેઠક પર મતદાન થશે.લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની પ્રેસનોટ ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ જારી કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦ માર્ચ ૨૦૨૪ના રોજ એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. વધુમાં, નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૭ માર્ચ, ૨૦૨૪ હતી, તેથી તેમની ચકાસણી ૨૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ કરવામાં આવી હતી.ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૩૦ માર્ચ, ૨૦૨૪ હતી, જ્યારે ૧૯ માર્ચ, ૨૦૨૪ના રોજ મતદાન થશે અને ૪ જૂને પરિણામ જાહેર થશે. આ ચૂંટણી યોજવાની છેલ્લી તારીખ ૬ જૂન, ૨૦૨૪ છે.

### ભાજપના ઉમેદવાર રવિ કિશન વિવાદમા

# ભાજપના ઉમેદવાર રવિ કિશન પર ગંભીર આરોપ લગાવનાર મહિલા વિરુદ્ધ FIR

## રવિ કિશનની પત્નીએ આરોપ લગાવનાર મહિલા વિરુદ્ધ બ્લેકમેલિંગની ફરિયાદ નોંધાવી છે

ગોરખપુર, તા.૧૭

લોકસભા ચૂંટણી પહેલા ગોરખપુરથી ભાજપના ઉમેદવાર રવિ કિશન વિવાદમાં છે. વાસ્તવમાં, એક મહિલાએ તેમના પર ગંભીર આરોપ લગાવ્યા હતા, જે પછી રવિ કિશનની પત્નીએ આરોપ લગાવનાર મહિલા વિરુદ્ધ બ્લેકમેલિંગની ફરિયાદ નોંધાવી છે.

રવિ કિશનની પત્ની તેમના બચાવમાં આવી છે. રવિ કિશન પર આરોપ લગાવવાના કાવતરામાં સપા નેતાનો હાથ હોવાના સમાચાર છે. રવિ કિશન પર આરોપ લગાવનારી મહિલા વિરુદ્ધ પણ FIR નોંધવામાં આવી છે. રવિ કિશનની પત્નીએ પોલીસમાં બ્લેકમેલિંગની ફરિયાદ કરી છે.

પ્રીતિ શુક્લાએ કહ્યું કે એક વર્ષ પહેલા પણ તેણે આ મહિલા વિરુદ્ધ મુંબઈ પોલીસમાં બ્લેકમેલિંગની ફરિયાદ કરી હતી. ચૂંટણી સમયે મહિલા આક્ષેપો કરીને ચૂંટણી લડી રહેલા રવિ કિશનની છબી ખરાબ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.આ કેસમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે SP અધિકારી વિવેક અને એક યુટ્યુબર ખુર્શીદ ખાન ષડયંત્રના મુખ્ય ગુનેગાર છે. આ કેસમાં આરોપ લગાવનાર મહિલાના પતિ, પુત્રી અને પુત્ર અપર્ણા સોની પણ આરોપી છે. અપર્ણાના લગ્નને ૩૫ વર્ષ થયા છે.વાસ્તવમાં મહારાષ્ટ્રની રહેવાસી અપર્ણા સોની નામની મહિલાએ રવિ કિશન પર આરોપ લગાવ્યો હતો અને તેને તેનો પતિ કહ્યો હતો. મહિલાએ કહ્યું હતું કે તે અને રવિ કિશન પરિણીત છે અને તેને એક પુત્રી પણ છે. રવિ છેલ્લા એક વર્ષથી તેના સંપર્કમાં નથી. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. મહિલાએ કહ્યું હતું કે તે ઈચ્છે છે કે રવિ તેને દત્તક લે અને તેનું નામ પુત્રીને પિતા તરીકે આપે.

# ૧૮ અમરેલી, "વિશ્વ ધરોહર દિવસ"



અમરેલી, તા. ૧૭

દર વર્ષે ૧૮ એપ્રિલના દિવસને યુનેસ્કો દ્વારા "વિશ્વ ધરોહર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ખુબ જ સુંદર, પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતોનું રક્ષણ કરવા તેમજ લોકોમા તેના પ્રતિ જાગૃતિ લાવવાનાં હેતુથી આ દિવસની ઉજવણી કરવામા આવે છે. વિશ્વમાં ૧,૧૯૪ ઐતિહાસિક ધરોહરો છે. જેમાં ઈટાલીમાં ૫૮, સ્પેનમાં ૪૯, ચીનમાં ૫૬, ફ્રાન્સમાં ૪૫, જર્મનીમાં ૪૬, મેકિસકોમાં ૪૫, ભારતમાં ૪૦, યુનાઈટેડ કિંગડમમાં ૩૩, યુનાઈટેડ સ્ટેટ્સમાં ૩૩ છે. એતિહાસિક વારસાનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે: હિસ્ટોરિકલ, ડિસટ્રોઈડ અને મોર્ડન. વિશ્વનો સૌથી મોટું ઐતિહાસિક વારસો ઓસ્ટ્રેલિયામાં આવેલ ગ્રેટ બેરિયર રીફ છે, જે ૩૪૪,૪૦૦ ચોરસ કિલો મીટરમાં ફેલાયેલું છે. અત્યાર સુધી કુલ ૫૩ સ્થળો એવા છે કે જે "હેરીટેજ ઈન ડેનજર" તરીકે જાહેર થયા છે જેમાંથી ૧૭ કુદરતી સ્થળો છે અને ૩૬ સંસ્કૃતિક સ્થળો છે.

કાઝીરંગા નેશનલ પાર્ક, લાલ કિલ્લો, ખજુરાહોની અને એલીફંટાની ગુફાઓ, કોર્ણાક સૂર્ય મંદિર, આગ્રાનો કિલ્લો વગેરે ભારતના પ્રચલિત ઐતિહાસિક સ્થળો છે.

### ચૂંટણીમાં સેનાની ભૂમિકાની ટીકા કરી હતી

# પાકિસ્તાની સેનાના કોર કમાન્ડરના રાજીનામાથી ખળભળાટ મચી

## પાકિસ્તાનના મોટાભાગના મીડિયાએ આ ખબરને મહત્વ નથી આપ્યું પણ દેશના યૂટ્યૂબર્સે તેના પર ચર્ચા છેડી દીધી છે

પાકિસ્તાન તા.૧૭

નજીકના ભવિષ્યમાં આર્મી ચીફ બનવાના દાવેદારોમાં સામેલ લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ સફદરે સેનામાંથી આપેલા રાજીનામાથી ખળભળાટ વ્યાપી ગયો છે. પાકિસ્તાનના મોટાભાગના મીડિયાએ આ ખબરને મહત્વ નથી આપ્યુ પણ દેશના યૂટ્યૂબર્સે તેના પર ચર્ચા છેડી દીધી છે.

લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલે તાજેતરમાં ચૂંટણીમાં થયેલી ગરબડમાં પાકિસ્તાની સેનાનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. પાકિસ્તાની યૂટ્યૂબ ચેનલ્સે જણાવ્યુ છે કે, 'પાંચ માર્ચ, ૨૦૨૪ના રોજ મળેલી પાકિસ્તાની સેનાના કોર કમાન્ડરોની બેઠકમાં તેમણે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.' તેમની કોમેન્ટસથી વર્તમાન આર્મી ચીફ જનરલ અસીમ મુનીર નારાજ થયા હતા અને તેમણે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને રાજીનામુ આપવુ પડે તેવા સંજોગોનુ નિર્માણ કર્યુ હતુ. પાકિસ્તાનની સેનાની પહેલી કોરનુ નેતૃત્વ કરનારા લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ ૨૦૨૭માં નિવૃત્ત થવાના હતા. એ પહેલા જો વર્તમાન સેના પ્રમુખ જનરલ અસીમ મુનીર સમયસર નિવૃત્ત થાત તો ૨૦૨૫માં લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને આર્મી ચીફ બનવાની તક મળે તેમ હતી. જોકે જનરલ મુનીર ૨૦૨૫ પછી પણ સેના પ્રમુખ તરીકે ચાલુ રહેવા માંગતા હોવાથી તેમણે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ પર રાજીનામાનુ દબાણ કર્યુ હતુ તેવો દાવો યૂટયૂબર્સ કરી રહ્યા છે. આ પહેલા ઈમરાન ખાનની પાર્ટીના કાર્યકરોએ લાહોરમાં આર્મીના ફ્લેગ સ્ટાફ હાઉસમાં તોડફોડ કરી હતી અને તેના કારણે લેફ્ટનન્ટ સલમાન ફૈયાઝ ગનીની પણ કોર કમાન્ડર પદેથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. આમ એક વર્ષમાં પાકિસ્તાની સેનાના બીજા કોર કમાન્ડરને આર્મી છોડવાનો વારો આવ્યો છે.

પાકિસ્તાની પત્રકાર તેમજ પાકિસ્તાન ડેમોક્રસી ફોરમના સંયોજક હૈદર મહેદીએ દાવો કર્યો છે કે, 'સૌથી પહેલા આ ઘટનાક્રમને સામે લાવનાર વ્યક્તિ હું છું. હકીકત એવી છે કે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને કોઈ પણ જાતની પૂર્વ ચેતવણી આપ્યા વગર સેનાની પહેલી કોરના કમાન્ડર પદેથી હટાવી દેવાયા હતા અને ચાર એપ્રિલે તેમને હેડ ક્વાર્ટરમાં રિપોર્ટ કરવાનો આદેશ અપાયો હતો. જોકે તેમણે એ પહેલા બે એપ્રિલે રાજીનામુ ધરી દીધુ હતુ. જેને પાકિસ્તાની આર્મી ચીફ અને રાષ્ટ્રપતિએ સ્વીકારી પણ લીધુ છે. હાલમાં લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ સાઉદી અરબમાં ધાર્મિક યાત્રા પર ગયા છે.'

### શાળાઓમાં છ મેથી ૯ જુન સુધી વેકેશન રહેશે

# ગુજરાતની સ્કૂલોમાં હવે વેકેશનની જાહેરાત કરાઈ

## પ્રાઇમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું વેકેશન મળશે

ગાંધીનગર, તા.૧૭

ઉનાળાના પ્રારંભની સાથે ગુજરાતની સ્કૂલોમાં ૩૪ દિવસના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. પ્રાથમિક શાળાઓમાં છ મેથી ૯ જુન સુધી વેકેશન રહેશે. આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું વેકેશન મળશે.

પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા પૂરી થયા પછી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. બાળકો હંમેશા વેકેશન માણવા ઉત્સુક હોય છે. શિક્ષણ નિયામકની કચેરી ૨૨૦ દિવસ અભ્યાસ કરવા અને તે મુજબ રજાઓનું આયોજન કરવા સૂચના આપતી હોય છે. આને ધ્યાનમાં રાખીને ૩૫ દિવસનું વેકેશન આપવામાં આવ્યું છે. આ જ વેકેશન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ લાગુ પડે છે. આમ પ્રાથમિક શાળાઓમાં નવું સત્ર ૧૦મી જુનથી શરૂ થશે. ઉનાળાના વેકેશનના પગલે પ્રાથમિક સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષાઓનું પરિણામ ક્યારે આવશે તે અંગેની કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ રાજ્યની પ્રાથમિક શાળામાં ૩૫ દિવસનું ઉનાળું વેકેશન આપવામાં આવ્યું

# ટી૨૦ વિશ્વકપમાં વિરાટ કોહલી-રોહિત શર્મા કરી શકે છે ઓપનિંગ


નવી દિલ્હી, તા.૧૭

ટીમ ઈન્ડિયા આઈપીએલ બાદ સીધી ટી૨૦ વિશ્વકપ રમવા જવાની છે. થોડા દિવસમાં આ માટે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર ટીમની જાહેરાત પણ કરશે. કહેવામાં આવી રહ્યું છે કે આઈપીએલમાં પ્રદર્શનના આધારે કેટલાક ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. આ પહેલા એક મોટા સમાચાર પણ સામે આવ્યા છે.કેટલાક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ટી૨૦ વિશ્વકપમાં રોહિત શર્મા ટીમની કમાન સંભાળશે. આ સાથે રોહિત શર્મા ઈનિંગની શરૂઆત પણ કરે છે. તેની સાથે યશસ્વી જયસ્વાલ ઓપનિંગ કરે તેવી શક્યતાઓ હતી. પરંતુ હવે સામે આવેલી માહિતી પ્રમાણે ટી૨૦ વિશ્વકપમાં રોહિત શર્માની સાથે યશસ્વી જયસ્વાલ ઈનિંગની શરૂઆત કરશે નહીં.સામે આવેલા મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ટી૨૦ વિશ્વકપમાં કેપ્ટન રોહિત શર્માની સાથે વિરાટ કોહલી ઈનિંગની શરૂઆત કરી શકે છે. વિરાટ કોહલી આઈપીએલમાં આરસીબી માટે ઓપનિંગ કરે છે. હવે તે આગામી ટી૨૦ વિશ્વકપમાં પણ રોહિતની સાથે ઈનિંગની શરૂઆત કરી શકે છે.આવું એટલા માટે કારણ કે યશસ્વી જયસ્વાલ આઈપીએલમાં સંઘર્ષ કરી રહ્યો છે. સાત મેચમાં યશસ્વીના બેટથી એકપણ અડધી સદી આવી નથી. તેવામાં પસંદગીકારો વિશ્વકપને જોતા વિરાટ સાથે ઈનિંગની શરૂઆત કરાવી શકે છે. વિરાટ કોહલી આઈપીએલ-૨૦૨૪માં શાનદાર ફોર્મમાં છે. તે એક સદી પણ ફટકારી શક્યો છે.

# અમરેલીનાં કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરે રામજી મંદિરે મહાઆરતી ઉતારી







અમરેલી શહેર કોંગ્રેસ પરિવાર દ્વારા આજરોજ રામનવમીના શુભઅવસરે શહેર કોંગ્રેસ પરિવાર દ્વારા સવારે ૮ વાગે અમરેલી શહેરના સુપ્રસિદ્ધ રામજી મંદિર ખાતે અમરેલી લોકસભા વિસ્તારના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જેનીબેન ઠુંમર તથા શહેરના કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા રામજી મંદિરમાં પૂજન, અર્ચન કરી મહાઆરતી અને પ્રસાદ વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ઉપસ્થિત અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમર તથા કોંગ્રેસ કાર્યકરો દ્વારા ભગવાન શ્રીરામને અમરેલી, ગુજરાત અને સમગ્ર ભારત દેશના તમામ નાગરિકોનું કલ્યાણ થાય એવી પ્રાર્થના કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસના પૂર્વપ્રમુખ ડી.કે.રૈયાણી, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ એડવોકેટ સંદીપ પંડયા, પૂર્વ જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન ટીકુભાઈ વરૂ, જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જનકભાઈ પંડયા, જગદીશભાઈ તળાવિયા, જિલ્લા સંગઠનમંત્રી જગદીશભાઈ પાનસુરીયા, શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ મહેશ સોમૈયા, અમરેલી વિધાનસભા યુવક કોંગ્રેસ પ્રમુખ મોનિલભાઈ ગોંડલીયા, અમરેલી શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તેજસ મસરાણી, નરેશભાઈ અધ્યારૂ, નગરપાલિકા સદસ્ય પ્રકાશભાઈ લાખાણી, જે.પી. સોજીત્રા, સાગર જસાણી, નંદલાલભાઈ ભડકણ, વસંત કાબરિયા સહિત અમરેલી શહેરની ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લીધો.

## પાના ૧ ઉપરનું ચાલું સૂર્યનારાયણ દ્વારા અગ્નિવર્ષા કરવામાં આવી

દિવસથી ભિષણ ગરમી પડતી જોવા મળી રહી છે. શહેરીજનો માટે સવારથી સાંજ સુધી ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે અને એપ્રિલનાં મધ્યમાં તાપમાનનો પારો ૪૨ થી ૪૩ ડીગ્રી સુધી પહોંચ્યો હોય આગામી દિવસોમાં તાપમાન ૪૪ થી ૪૫ ડીગ્રી સુધી પહોંચે તો નવાઈ જોવું નહી રહે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ''રામજી કી નીકલી સવારી''

આરતી કરવામાં આવેલ હતી. કાળઝાળ ગરમીમાં પણ રામભકતો અનેરા ઉત્સાહ સાથે ઉમટી પડેલ હતાં. શહેરના બ્રાહ્મણ સોસાયટીમાં આવેલ બ્રહ્મેર મહાદેવ મંદિરે પણ બપોરના બાર કલાકે મહા આરતી કરવામાં આવેલ હતી. શહેરનાં સુપ્રસિધ્ધ રામજી મંદિરે બપોરે ૧૨ કલાકે મહાઆરતી યોજાઈ હતી અને સવારથી રાત્રિ સુધી મોટી સંખ્યામાં ભગવાન શ્રી રામનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

**લીલીયા**

લીલીયા મોટા ખાતે આજે શ્રી રામ સેવા સમિતિના બેનર તળે શ્રી રામ નવમી પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. વ્હેલી સવારથી જ રામજી મંદિર ખાતે વિશેષ પૂજા–અર્ચના કરાયા બાદ બપોરના ૧૨ કલાક રામ જન્મોત્સવ ઉજવાયો હતો. બપોર બાદ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું જેમાં મોટી સંખ્યામાં ધર્મ પ્રેમીઓ આ શોભાયાત્રામાં જોડાયા હતા. આ તકે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી ૧૪ લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા સહિત અગ્રણી, આગેવાનો શોભાયાત્રામાં જોડાયા હતા. જેમાં મોટી સંખ્યામાં રામ ભકતો ઉપસ્થિત રહેલ. જેઓએ જય શ્રી રામ જય શ્રી રામના ગગનભેદી સૂત્રોચાર કરી ભકિતમય વાતાવરણ ખડું કર્યું હતું. બપોર બાદ રામજી મંદિર ખાતેથી ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ શોભાયાત્રા વાજતે ગાજતે શહેરના માર્ગો પર ફરી હતી જેમાં રામભકતો દ્વારા ઠંડા પીણા, લચ્છી તેમજ આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આ રામ જન્મોત્સવ માં ગ્રામજનો, સામાજિક સંસ્થાઓ અને રામ ભકતો મોટી સંખ્યામાં પોતાના ધંધા રોજગાર બંધ રાખી શોભાયાત્રામાં જોડાયા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

**ખાંભા**

ભગવાન શ્રી રામ જન્મ ઉત્સવની ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી રહી હોઈ ત્યારે ખાંભા શહેરમાં પણ ભવ્ય શોભાયાત્રા સાથે ભગવાન શ્રીરામનાં જન્મ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ભવ્ય શોભાયાત્રામાં સાત જેટલા ટ્રેકટર શણગારવામાં આવ્યા અને બળદગાડા શણગારવામાં આવ્યાં હતાં. અ અને ઢોલ–નગારાના તાલે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને ૧૧ જેટલી નાની બાળાઓને ઝાંસીની રાણીના વેશભૂષામાં તૈયાર કરવામાં આવ્યા હતા અને ટ્રેકટરમાં બેસાડવામાં આવ્યા.

આ શોભાયાત્રા ખાંભા સહજાનંદ ગુરૂકુળથી પ્રસ્થાન થઈ ખાંભાના રાજમાર્ગો ફરી હતી અને આ શોભાયાત્રામાં સરપંચ, રાજકિય આગેવાનો, સામાજિક આગેવાનો, રામભકતો, ગ્રામજનો તેમજ સાધુ–સંતો સહિત જોડાયા હતા.

ઠેર ઠેર વિસ્તારના રહીશો તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા શરબત, લચ્છી, ઠંડા પાણી, છાશ સહિતના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. પૂરતો પોલીસ બંદોબસ્ત સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

**બાબરા**

બાબરામાં વિ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન શ્રી રામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં બપોરે ૪ કલાકે મોટા રામજી મંદિરથી ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં મંદિરના મહંત પૂજય શ્રી દેવકીનંદન બાપુ સહિત હિન્દૂ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ભગવાન શ્રી રામની દિવ્ય શોભાયાત્રા શહેરના રાજમાર્ગોમાં ફરી તાપડીયા આશ્રમ ખાતે સમાપન કરવામાં આવી હતી. અહીં મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

ભગવાન શ્રી રામ ની શોભાયાત્રા દરમિયાન બાબરા પોલીસના પીઆઈ, પીએસઆઈ સહિત મોટો પોલીસનો કાફલો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**કોટડાપીઠા**

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે ભગવાન શ્રીરામનાં જન્મોત્સવની આસ્થાભેર કરવામાં આવેલ હતી. મુખ્ય રામજી મંદિર ખાતે આરતી તેમજ પ્રસાદી આપવામાં આવેલ. રામજી મંદિરને ધ્વજા, પતાકા, લાઈટીંગથી શણગારવામાં આવેલ તેમજ અન્ય રામજી મંદિરોમાં પણ સુંદરકાંઠનાં પાઠ તેમજ સાંજની આરતી તેમજ ધૂન રાખવામાં આવેલ. આમ ભગવાન શ્રી રામનાં જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ હતી.


### કીડી–મકોડા જેવી જીવ સૃષ્ટિ માટે ઉમદા કાર્ય

# બાબરામાં સ્વ. પિતાના કીડીયારૂ પુરવાનાં વચનનું પાલન કરતો પટેલ પરિવાર

## સુકામેવા ભરેલ નાળીયેર જમીનમાં મુકવામાં આવ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૭

કીડી મકોડા જેવી અનેક જીવ સૃષ્ટિ ચોમાસા પહેલાના સમયમાં પોતાનો ખોરાક એકઠો કરવા લાગે છે અને ધોમ ધખતા તાપથી આવી સૃષ્ટી મરણ ના શરણ થતી હોઈ આવા સમયે તેમને બચાવવા માટેની વર્ષો પહેલા સેવાકીય કામગીરી શરૂ કરનારા સ્વ.વૈદરાજ વાસુદેવભાઈ પટેલના પરિવારે સ્વ.પિતા ને આપેલા વચન મુજબ કામગીરી શરૂ રાખી છે.

વૈદરાજ સુનીલ વાસુદેવ ભાઈ પટેલના જણાવ્યા મુજબ બાબરા વિસ્તાર માં આવેલ ધાર્મિકસ્થાનો નજીક અને નદી નાળા ડેમ અને વાડીના ખેતર શેઢે રહેતી કીડી મકોડા સહિતના જીવો માટે આગોતરી ખોરાકની તૈયારીના ભાગ રૂપે અગિયાર હજાર શ્રીફળ નાળીયેર મા ઘી, ગોળ, ઘઉં, લોટ સહિતના સુકા મેવા સાકર મિશ્ર ચુરમું બનાવી અને વિવિધ જમીનોમાં દાટવામાં આવે છે જેના કારણે મોટા ભાગના જીણા જીવો માટે આશ્રય અને ભોજનની સગવડ ઉભી થાય છે.

પટેલ પરિવારના મોભી અને સેવા પરમ ધર્મ માનનારા ભક્ત અક્ષર નિવાસી સ્વ.વાસુદેવભાઈ પટેલ નું તા. ૧૯/૮/૧૬ અવસાન થયા બાદ તેમના દ્વારા શરૂ કરવામાં આવેલી સેવા સરવણી પુત્ર સુનીલભાઈ નિભાવી રહ્યા છે અને તેમના જણાવ્યા મુજબ મૂંગા અબોલ જીવો માટે સેવા કરવા પિતાને આપેલા વચનથી તેમના દ્વારા શરૂ કરેલી સેવા કાર્ય તેમની યાદી રૂપે કરવા માં આવી રહી છે.


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર........................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય................................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### બાળકને શરીરમાં પાણી ઓછુ થઈ ગયા બાદ

# સાવરકુંડલા ૧૦૮ની ટીમે ૮ વર્ષના બાળકને તાત્કાલીક સારવાર આપી જીવ બચાવ્યો

## નાના ભમોદ્રા ગામનાં બાળકનાં પરિવારે રાહતનો શ્વાસ લીધો



અમરેલી, તા.૧૭

સાવરકુંડલા તાલુકાના નાના ભામોદ્ર ગામેં એક ૮ વર્ષના બાળકને અતી ગરમીના લીધે પાણી ઘટી જતાં અને ખુબજ તાવ અને શ્વાસ લેવામાં તકલીફ હોવાને લીધે તેની હાલત ગંભીર જણાતા બાળક ને તુરંત સારવાર ની જરૂર હતી જેથી કોલર દ્વારા ૧૦૮ નંબર પર કોલ કરવામાં આવ્યો અને આ કેસ સાવરકુંડલાની ૧૦૮ એમ્બ્યુલન્સને બપોરે કેસ મળતાની સાથે ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

દર્દીના ઘરે પહોંચી દર્દીની તપાસ કરતા જાણવા મળ્યું કે એક આઠ વર્ષનું બાળક છે જેની હાલત ખૂબ જ ગંભીર છે જેને શરીરનું પાણી ઓછું થઈ ગયું હોય અને ખૂબ જ તાવ હતો અને સાથો સાથ તેને શ્વાસ લેવામાં પણ તકલીફ જણાય રહી હતી જેથી સાવરકુંડલાના ઈએમટી ભાવના બાંભણિયા દ્વારા સ્થળ પર જ બધી તપાસ કરી પ્રાથમિક સારવાર આપી અને બાળક ને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ અને ૧૦૮ ના કોલ સેન્ટર પર ઉપસ્થિત ઉપરી ફિઝિશિયન ડોક્ટર સાથે વાતચીત કરી અને તેમની સલાહ મુજબ દર્દીને શ્વાસ લેવામાં તકલીફ હોય જેથી નેબ્યુલાઈઝર સાથે ઓક્સિજન આપ્યું અને બાળકને ઠંડા પાણીના પોતા મૂકવામાં આવ્યા અને ઉપરી ફિઝિશિયનની સલાહ મુજબ રસ્તામાં જ જરૂરી સારવાર આપવામાં આવી હતી અને પાયલોટ ગૌતમ કુબાવત દ્વારા સમય સૂચકતા વાપરી દર્દીને જરૂરી સારવાર આપી સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા, આમ અમરેલી જિલ્લાના સાવરકુંડલા ૧૦૮ ની ટીમ દ્વારા સમયસર બાળકને સારવાર આપી ત્વરિત હોસ્પિટલ પહોંચાડી બાળકનો જીવ બચાવવામાં આવ્યા હતો અને સાવરકુંડલા ૧૦૮ની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી તેમજ આ કામગીરી બદલ ૧૦૮ ના અધિકારી દ્વારા તેમને બિરદાવામાં આવ્યા હતા.

## :: કુલ મુખત્યારનામું રદ કર્યા અંગેની જાહેર નોટિસ ::

આથી અમો નીચે સહી કરનાર **શ્રી અસ્મિતાબેન કિશોરભાઈ વાછાણી**એ જી.એચ.જાડેજા, નોટરી રૂબરૂ ક્રમાંક **બુક નં.૩૪, પેઈઝ નં.૧૩૯, સીરીયલ નં.૨૩૦, તા.૧૫/૦૧/૨૦૧૯**ના રોજ રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર ક્રમાંક **53/1572, DT.31/12/20218** ના રોજ **પ્રતાપભાઈ કરશનભાઈ પટેલ**ને મોજે વાઘવડી, તા.ધારી, જી. અમરેલી ગામની નીચે મુજબની ખેતીની જમીન અંગેનાં તમામ વહીવટ વહેવાર કરવા કુલમુખત્યારનામું આપેલ છે.

| સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|
| ૧૧૮ પૈકી ૧ | ૦.૮૦.૯૪ | ૧ |
| ૧૧૮ પૈકી ૨ | ૧.૦૧.૧૭ | ૧.૫૨ |
| ૧૧૯ પૈકી ૧ | ૦.૮૦.૯૪ | ૨.૧૫ |
| ૧૧૯ પૈકી ૨ | ૨.૮૭.૩૩ | ૪.૪૧ |
| ૧૨૦ | ૧.૨૦.૩૯ | ૩.૩૭ |
| ૧૨૧ | ૧.૩૨.૫૪ | ૩.૬૯ |
| ૧૨૨/૨ | ૧.૧૭.૩૬ | ૨.૮૭ |
| ૧૨૩ પૈકી ૧ | ૨.૪૬.૮૬ | ૪.૨૫ |
| ૧૨૩ પૈકી ૨ | ૧.૦૯.૨૭ | ૧.૫૦ |
| ૧૨૪ | ૦.૭૭.૯૦ | ૦.૨૮ |
| ૧૨૯/૪ | ૦.૧૪.૧૬ | ૦.૨૮ |
| ૧૪૬ | ૩.૦૨.૫૦ | ૬.૧૨ |
| ૧૪૯ | ૧.૯૬.૨૭ | ૩.૬૨ |

પરંતુ કુલમુખત્યારનામુ આપનાર તથા કુલમુખત્યારનામુ લેનાર વચ્ચે સારા સંબંધો ન રહેતા સદરહુ કુલમુખત્યારનામું રદ કરેલ છે.

**સ્થળ :** રાજકોટ

**તારીખ :** ૧૮/૦૪/૨૦૨૪

**શ્રી અસ્મિતાબેન કિશોરભાઈ વાછાણી, રહે. રાજકોટ**

## જાહેર નોટિસ

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ. કે

| મોજે મોટા – આંકડીયા ગામ તાલુકો અમરેલી જિલ્લો અમરેલી રેવન્યુ સર્વે નંબર | | | |
|---|---|---|---|
| રેવન્યુસર્વે | હે.આરે. | આકાર | ખાતા |
| ૪૭૨ | ૧–૦૮–૨૧ | ૪–૧૯ | ૯૨૯ |
| ૪૭૩ પૈકી ૩ | ૦–૮૦–૮૬ | ૩–૫૦ | ૯૨૯ |
| ૪૭૩ પૈકી ૪ | ૩–૨૭–૦૨ | ૧૨–૭૫ | ૯૨૯ |
| ૪૭૮ પૈકી ૨ | ૪–૧૫–૦૨ | ૧૫–૯૫ | ૯૨૯ |

**વાળી પિયત વાળી ખેતીની જમીન સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની પિયત વાળી જમીન (૧) જયંતિભાઈ લખમણભાઈ ભાલીયાના સ્વંતત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની જમીન બિન બોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવીએ અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નક્કી કરેલ છે.**

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/ બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સંબંધકર્તા એ વાંધો– તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સંબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ, પણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ :** ૧૬/૦૪/૨૦૨૪

**યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ & નોટરી)**
**તે અમારા અસીલની સુચનાથી..**

રહે. કુંકાવાવ મોટી
શારદા ઝેરોક્ષ, શારદા
શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી
તા.વડીયા, જી.અમરેલી
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી. દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**બી.કોમ. એલ.એલ.બી.**
**એલ.એલ.એમ., પી.જી.ડી.સી.એ.**
**મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

# ચલાલા ખાતે દોશી ટ્રસ્ટ પરિવાર દ્વારા નિઃશુલ્ક છાસ કેન્દ્રનો પ્રારંભ







અંશાવતાર દાન મહારાજની તપોભુમી એવા ચલાલા દાનેવધામમાં છેલ્લા પાંત્રીસ વર્ષોથી ચલાલાના જુદા જુદા વિસ્તારોમાં ઉનાળાના ધોમધખતા તાપમાં જરૂરીયાત મંદ પરીવારો ને પોતાના જ વિસ્તારમાંથી ઠંડી અને શુધ્ધ છાસ મળી રહે. તે માટે નાગરદાસ દોશી ટ્રસ્ટ અને દાતાઓના સહયોગ દ્વારા ચલાલા શહેરના જુદા જુદા વિસ્તારો જેવા કે કબલાપા, મોચી બજાર, લાઈબ્રેરી રોડ, માટે જૈન મહાજન વાડીમાં ત્યાર બાદ મુળીમાં શેરી, રાવળશેરી, ભટ્ટશેરી, ફૂલવાડી પ્લોટ, મહાદેવ પરા, વિસ્તાર માટે પટેલવાડી મા, અને હુકડો નં ૧ હુડકો નં ૨ માટે હુડકો ચોકમા. અને દાનેવ સોસાયટી અને ગાયત્રી નગર માટે શમાબેનના નિવાસ સ્થાને વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્ર ખોલવામાં આવેલ છે. જાણવા મળેલ વિગત મુજબ આ ચારેય કેન્દ્ર પરથી ૬૦૦ કરતા વધુ પરીવારો ઠંડી અને સાત્વિક છાશનો અમુલ્ય લાભ લઈ આત્મસંતોષ પ્રાપ્ત કરી રહ્યા છે. ચલાલાના વતની અને હાલ જુનાગઢ રહેતા ચલાલાના વરિષ્ઠ સેવાભાવી આગેવાન નિવૃત શિક્ષક મહેશભાઈ કુંડળ ના માર્ગદર્શન અને તેમની દીર્ઘદ્રષ્ટિ અને પુરી મહેનતથી છેલ્લા પાંત્રીસ વર્ષોથી ચલાલા શહેરના જુદા જુદા વિસ્તારોમાં વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્ર ખોલવામાં આવે છે. અને તેનો જરૂરિયાત મંદ પરીવારો લાભ લઈ રહ્યા છે.

## ચલો બુલાવા આયા હૈ, માતાને બુલાયા હૈ, જય માતાજી

# કોંગી ઉમેદવાર ધાનાણી અને ઠુંમર ખોડલ મા ના ચરણોમાં

અમરેલી અને રાજકોટ લોકસભા ચુંટણી જંગમાં સફળતાનાં આશીર્વાદ મેળવવા માટે ખોડલધામમાં શિશ ઝુંકાવ્યું

દેશના ભવિષ્ય માટે અતિ મહત્વની ગણાતી ચુંટણી જંગમાં બન્નેએ ઝપલાવ્યું છે

કરોડો ગરીબ પરિવારોની સુખ, સમુધ્ધિ, શાંતિ માં વધારો થાય તેવી માં નાં ચરણોમાં પ્રાર્થના કરી

કાગવડ - ખોડલધામ ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસનાં આગેવાનો અને ટેકેદારો જોડાયા











અમરેલી,૧૭

અમરેલીલોકસભાબેઠકના કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર અને રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસપક્ષના ઉમેદવાર પરેશ ધાનાણીએ સુપ્રસિધ્ધ કાગવડ – ખોડલધામ ખાતે માં ખોડલનાં ચરણમાં શિશ ઝુંકાવીને લોકસભા ચુંટણીજંગમાં સફળતા મળે તે માટે પ્રાર્થના કરી હતી. દેશનાં કરોડો પરિવારોનાં સુખ, શીત અને સમૃધ્ધિની પ્રાર્થના કરીને ભારત દેશની પાવન ભૂમિમાં હંમેશા ભાઈચારો, એકતા, સુખ, સમૃધ્ધિ વધતી રહે તેવી પ્રાર્થના કરી હતી. આ તકે કોંગ્રેસ પક્ષનાં આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## કીર્તન, સત્સંગ અને ઠાકોરજીનાં ગુણગાન અર્થે

# બાબરા : ધરાઈ બાલમુકુંદ હવેલીનાં મુખ્યાજી દુબઈ, મસ્કત અને ઓમનનાં પ્રવાસે

### મુખ્યાજી દ્વારકેશજી ૨૬ એપ્રિલથી ૧લી મે સુધી રોકાશે

અમરેલી, તા. ૧૭

બાબરા નજીક આવેલ સુપ્રસિધ્ધબાલમુકુંદજીહવેલીધરાઈનાં મુખ્યાજી દ્વારકેશજી આગામી ૨૬ એપ્રિલથી ૧લી મે સુધી દુબઈ, મસ્કત



અને ઓમાનનાં પ્રવાસે જશે.

જયાં તેઓ કીર્તન, સત્સંગ અને ઠાકોરજીનાં ગુણગાન કરીને ભકતજનોને ભગવાનમય કરશે અને બાદમાં પરત ફરશે.

# મુંબઈ(વસઈ) ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન

અમરેલી, તા. ૧૭

તા. ૧૬/૦૪/૨૦૨૪ ને મંગળવારે સાંજે ૦૫:૦૦ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન, આસીફ ખાન, સર્ફરાઝ અરબ (પાર્લર ઓનર), ઓવેશ ખાન, સર્ફરાઝ ખાનના હસ્તે ઈસ્તીયા કોમ્પલેક્ષ, સાતીવાલા નાકા, વસઈ, મુંબઈ ખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે અભીમન્યુ પથારે (એ.એસ.એમ. શીતલ આઈસ્ક્રીમ) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા, તેવુ



શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ, અમરેલીના (ફેન્ચાઈઝી ડેવલપમેન્ટ હેડ) દિપકભાઈ જોષીની યાદીમાં જણાવામાં આવેલ છે.

## પાડરશીંગા ધામમાં નિર્માણ પામનાર ગૌશાળાનું ભૂમિ પૂજન થયું



દામનગર, તા. ૧૭

દામનગર થી ત્રણ કી.મી. નજીક ગારિયાધાર હાઈવે પર આવેલ પાડરશીંગા ગામની ભૂમિ ઉપર આવેલ શ્રી નકળંગ આશ્રમ–રામાપીરના મંદિરની સામેની બાજુમાં આશ્રમના મહંતશ્રી બાલકદાસ બાપુ અને માતાજીના વરદ હસ્તે નિર્માણ થનાર શ્રી ગૌશાળાનું તા. ૧૫–૦૪ ને ચૈત્ર સુદ સાતમને સોમવારે સવારના શુભ મુહૂર્તમાં શાસ્ત્રોક્ત વિધિ – વિધાન થી ભૂમિ પૂજન, નિરાધાર આશ્રમ દર્હીંથરાનાં મહંત વીનુબાપુ અને માતાજીની ખાસ હાજરી અને ગામના વડીલો,ભક્તો અને સાધુ–સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ અવસરે રામદેવ પીરની ધૂન અને સત્સંગ કીર્તન રાખવામાં આવેલ.

# વિદ્યાર્થીઓએ ભાવિ કારકિર્દી માટે જાતેજ શ્રેષ્ઠ નિર્ણય લેવો જરૂરી છે

અમરેલી, તા. ૧૭

હાલ પરીક્ષાઓ પૂર્ણ થઈ છે. લોકસભાની ચૂંટણીના કારણે પરીક્ષાના પરિણામો પણ હવે થોડા દિવસોમાંજ આવી રહ્યા છે. મોટાભાગના ગ્રામીણ વાલીઓ નિરક્ષર, ઓછું ભણેલા કે ખેત મજુર હોવાથી ભાવિ કારકિર્દી માટે આગળ કઈ લાઈન લેવી તે નિર્ણય લેવાની જવાબદારી ખુદ વિદ્યાર્થીઓ પર જ આવી પડે છે. આવા સંજોગોમાં ઘણાં વિદ્યાર્થીઓ તેના સાથી મિત્રોને અનુસરીને ગાડરિયા પ્રવાહમાં ખેંચાય નહીં તેની કાળજી લેવી અનિવાર્ય બની જાય છે.

ધોરણ ૧૦ પાસ કરનાર ઘણાં વિદ્યાર્થીઓને આર્ટ્સ રાખવું કે કોમર્સ કે સાયન્સ આ પ્રશ્ન પણ મુંજવતો હોય છે. ધોરણ ૧૧ કોમર્સમાં ગણિત વિષય આવતો જ નથી, આંકડાશાસ્ત્ર વિષયનું પણ ઓપ્સન મળે છે કોમર્સમાં નામું વિષય પાયા થી જ શીખવવામાં આવે છે તેથી ધોરણ ૧૦ મા જે વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં નબળા હોઈ તેઓએ કોમર્સથી ડરવાની જરાય જરૂર જ નથી.



વિદ્યાર્થી મિત્રો માર્કેટમાં આજે તમામ ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવાની ઉત્તમ તકો રહેલી છે. સમાજને ડોકટરો, એન્જીનીયર, સી.એ., વકીલો, પાયલોટ, શિક્ષકો, નર્સ, ઈલેક્ટ્રિશયનો વગેરેની જરૂર છે.

વિદ્યાર્થીમિત્રો છેલ્લે હું આટલુ જ કહીશ કે કારકિર્દી માટે નિર્ણય લેવાનો મહત્વનો તબક્કો છે ત્યારે ગાડરિયા પ્રવાહમાં ના ખેંચાતા તમારી પોતાની ક્ષમતાને ધ્યાનમાં રાખી તમને પોતાને જે કાર્યમાં વિશિષ્ટ અભિઢચિ હોઈ, તમારૂં હદય તમને જે કારકિર્દીમા આગળ વધવા માટેનું પ્રોત્સાહન આપતું હોઈ, તમારા દિલનો અવાજ સાંભળીને શ્રેષ્ઠ નિર્ણય લેશો તો ભવિષ્યમા સફળતા તમને શોધતી શોધતી સામેથી જ આવશે.

**કિશોર ભોગાયતા, જનતા વિદ્યાલય, મોટા આંકડીયા.**

# અમરેલીનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમર રામનવમીની શોભાયાત્રામાં જોડાયા






અમરેલીનાં શિક્ષિત અને યુવા મહિલા કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર આજે રામનવમીનાં પવિત્ર દિને ભગવાન શ્રી રામનાં રંગે રંગાયા હતા અમરેલીનાં રામજી મંદિરે મહા આરતી કરીને બાદમાં જુદા–જુદા સ્થળોએ યોજાયેલ શોભાયાત્રામાં જોડાયા હતા. અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા, ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુંમરે સૌ કોઈને ભગવાન રામલલાના પ્રાગટય દિવસની હાર્દિક શુભેચ્છા આપી હતી. આ તકે તેમણે વહેલી સવારે અમરેલી રામજી મંદિર ખાતે દર્શન કરી અને જણાવ્યુ હતુ કે ભગવાન શ્રી રામ અને માતા સીતા પાસે જે ધૈર્ય હતુ. અને મજબુત મનોબળ હતુ તેની જરૂરીયાત આજના દરેક મનુષ્ય ને છે સાથે જણાવ્યુ ભગવાનશ્રી રામ કરૂણામય હતા અને તેઓ કેવટરાજ નિશાન સાથે મૈત્રી ભાવ હતો અને સાથે માતા સબરીમાં તેમનો પુત્ર ભાવ હતો જેથી તેમણે સમાજને જીવન કઢણામય અને કોઈ ઉચ્ચ–નિચ ના ભેદભાવ વગર જીવન જીવવાનો બોધ આપ્યો છે.

## વરસડા બાયપાસ ચોકડીએ સભા બાદમાં શહેરમાં બાઈક–કાર રેલી યોજીને

# અમરેલીનાં ભાજપી ઉમેદવાર ભરત સુતરીયા આજે વાજતે–ગાજતે ઉમેદવારી રજૂ કરશે

**જિલ્લાનાં તમામ દિગ્ગજ ભાજપી નેતાઓ અને હજારો કાર્યકરોનાં આશીર્વાદ સાથે ઉમેદવારીપત્રક રજૂ કરશે**

**અમરેલી સંસદિય વિસ્તારમાં છેલ્લા ર દિવસથી રાજકીય માહોલ પણ વાતાવરણની જેમ ગરમાવો પકડી રહ્યો છે**

**આજે ઉમેદવારીપત્રક રજૂ થયા બાદ ભાજપનો આક્રમક પ્રચાર શરૂ થાય તેવું લાગી રહ્યું છે**

**અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીમાં ઘણા વર્ષો બાદ કાંટે કી ટક્કર થવાનાં એંધાણ જોવા મળી રહ્યા છે**

અમરેલી, તા. ૧૭

અમરેલી લોકસભા મત વિસ્તારની રસાકસીભરી ચૂંટણીમાં ગઈકાલે કોંગી ઉમેદવારે ઉમેદવારીપત્રક રજૂ કર્યા બાદ આવતીકાલ ગુરૂવારે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા ઉમેદવારીપત્રક રજૂ કરશે.



જે અંતર્ગત સવારે ૯ કલાકે વરસડા બાયપાસ ચોકડીએ સભા યોજાશે બાદમાં બાઈક અને કાર રેલી સ્વરૂપે શહેરનાં રાજમાર્ગો પર ફરીને કલેકટર સમક્ષ ઉમેદવારીપત્રક રજૂ કરશે. ભાજપનાં ડમી ઉમેદવાર તરીકે ભાજપનાં જિલ્લા પૂર્વ પ્રમુખ હિરેન હિરપરા ઉમેદવારીપત્રક રજૂ કરશે.

આ તકે પુરૂષોતમ રૂપાલા, દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, ધારાસભ્યો મહેશ કસવાલા, કૌશિક વેકરિયા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા સહિતનાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

### નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીની ગોળ હોસ્પિટલમાં પપ વર્ષ ઉપરનાં દર્દીઓ માટે હેલ્થ ચેકઅપ પેકેજ જાહેર

**ડો. જાગૃતિ ચાંડપા દ્વારા સુંદર સેવાનો પ્રારંભ**



અમરેલી, તા. ૧૭

અમરેલીના નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત ગોળ હોસ્પિટલમાં ફીઝીશ્યન વિભાગનાં ડો. જાગૃતિ ચાંડપા દ્વારા રામનવમીનાં પવિત્ર દિને ગરીબ દર્દીઓનાં હિતમાં હેલ્થ ચેકઅપ પેકેજ જાહેર કરેલ છે. જેમાં રૂપિયા ર૦૦ માં સિલ્વર, રૂપિયા ૬૭પમાં ગોલ્ડ અને રૂપિયા ૧૧૭પ માં પ્લેટિનમ પ્લાનનો સમાવેશ થાય છે.

સિલ્વર પ્લાનમાં બીપી, આરબીએસ અને સીબસીની તપાસ કરાશે ગોલ્ડ પ્લાનમાં બીપી, સીબીસી, ઈસીજી, લિપિડ પ્રોફાઈલ અને સુગર આરબીએસ અને પ્લેટિનમ પ્લાનમાં ઈસીજી, ઈકો, એકસ–રે સહિતની સારવાર કરાશે અને ગમે તે સમયે ડોકટર દ્વારા મોબાઈલ ઉપર વિના મુલ્યે માર્ગદર્શન અપાશે. વરિષ્ઠ નાગરિકો માટે આ હેલ્થ પેકેજ ઘણું જ ઉપાયોગી સાબિત થશે. આ તકે દિલીપ સંઘાણી, મનીષ સંઘાણી ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી.

### ડેડાણ જિલ્લા પંચાયતનાં સદસ્ય ઉપેન્દ્રભાઈ બોરિસાગર સહિત સૌ કોઈ ભાજપી બન્યા

# રાજકીય ભૂકંપ : ખાંભા પંથકનાં દિગ્ગજ કોંગી આગેવાનોએ ભાજપમાં પ્રવેશ કરી કેસરીયો ધારણ કર્યો

**ખાંભાનાં વેપારી એસોસીએનશનનાં પ્રમુખ, ડેડાણનાં સરપંચ સહિત ૧૦૦ આગેવાનો ભાજપમાં જોડાયા**

અમરેલી, તા. ૧૭



અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ હોય તેવા જ સમયે ખાંભા, ડેડાણ પંથકનાં ૧૦૦ જેટલા કોંગી આગેવાનોએ ભાજપમાં પ્રવેશ કરીને કેસરીયો ધારણ કરતાં કોંગ્રેસ પક્ષમાં સન્નાટો છવાઈ ગયો છે અને ખાંભા પંથક લગભગ કોંગ્રેસ મુકત થઈ ગયો હોય તેવું જોવા મળી રહ્યું છે.

ખાંભાનાં વેપારી એસોસીએશનનાં પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી, તાલુકા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ ભરતભાઈ સખવાળા, ડેડાણ જિલ્લા પંચાયત બેઠકનાં સદસ્ય ઉપેન્દ્રભાઈ બોરિસાગર, ડેડાણનાં સરપંચ સહિતનાં ૧૦૦ આગેવાનોએ ભાજપનાં ઉમેદવાર ભરત સુરતીયાનાં સમર્થનમાં પૂર્વ સાંસદ દિલીપ સંઘાણી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી, જનક તળાવીયાની ઉપસ્થિતિમાં ભાજપમાં પ્રવેશ કર્યો હતો.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)